કિંમત ₹ ૫/-
સળંગ અંક ૮૦ ડિસેમ્બર ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે **માસિક**



વિસનગર ખાતે પંચમ સત્સંગ શિબિરમાં આશીર્વાદ
આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧






વિસનગર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આયોજીત પંચમસત્સંગ શિબિરની એક ઝલક

















# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૮૦

ડિસેમ્બર-૨૦૧૩

(મૂળ વર્ષ ૪૬)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શ્રીહરિની પૂજાના શાલિંગરામ | ૦૬ |
| ૦૪. | પંચમ બાળ–સત્સંગ શિબિર , વિસનગર | ૦૮ |
| ૦૫. | આત્મસંતોષ | ૧૨ |
| ૦૬. | આનંદની હેલી | ૧૩ |
| ૦૭. | ભક્તરાજ સરસેનાધિપતિ મીર સાહેબ | ૧૪ |
| ૦૮. | શ્રીહરિએ દર્શાવેલું બ્રહ્મકર્મ અને બ્રાહ્મણત્વ | ૧૬ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૨૪ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૨. | પ્રશ્નપેટી | ૩૧ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૩૨ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

વિક્રમ સંવત ૨૦૭૦ ના પ્રારંભમાં જ ધીરે ધીરે ઠંડીનું આગમન થતું જોવા મળે છે. આ ઋતુ દરેકના સ્વાસ્થ્ય માટે ખૂબજ સારી ગણાય તંદુરસ્તી પણ સુંદર રહે. જેથી શારિરીક શ્રમ કરવામાં પણ તકલીફ પડે નહીં એવી આ શિયાળાની ઋતુ છે.

આપણા ભાવિ પેઢીમાં સારા સંસ્કાર જલળાય. કોઈ વ્યસન ન હોય, અભ્યાસમાં પણ તેજસ્વીતા જળવાય. શરીર સ્વાસ્થય સદઢ બને સાથે સાથે સંપ્રદાયનું મૂળથી જ જ્ઞાન પ્રાપ્ત થાય તે ખૂબજ જરૂરી છે આવાજ ઉદ્દેશથી. આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દેશ-વિદેશમાં બાળકોની શિબિર યોજીને ભાવિ પેઢીને મજબૂત કરી રહ્યાં છે. વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ લાલજી સ્વરૂપે ખૂબજ પ્રવૃતિ કરીને ગામોગામ-દેશ વિદેશમાં આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સ્થાપીને નવયુવાનોને સત્સંગની પ્રવૃતિમાં રસ લેતા કર્યા જે આજે પણ આપણે જોઈએ છીએ. આપણા દરેક ઉત્સવોમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળો નાનામા-નાના કામથી લઈ દરેક પ્રકારની સેવામાં અગ્રેસર હોય છે. જેના માટે આપણને સૌને ગૌરવ છે. હમણા વિસનગરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ત્રણ દિવસની સુંદર શિબિર થઈ. જેમાં દરેક દંઢાવ્ય દેશના ૧૫૦૦ જેટલા બાળકો-યુવાનોએ ભાગ લીધો. આ રીતે દરેક વિસ્તારોમાં શિબિરોનું આયોજન થશે.

ધનુર્માસનો પ્રારંભ ૧૬ ડિસેમ્બરથી થશે. દરેક ભક્તજનો આપણા નજીકના મંદિરોમાં ધૂનમાં જરૂર લાભ લેશો. અમદાવાદમાં વસતા હરિભક્તો પણ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં રોજે ધૂનમાં પધારજો. અને ધૂનના યજમાનનો પણ લાભ લેશે.

શ્રી નરનારાયણદેવ મહામહોત્સવ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં આવતા ડિસેમ્બર ૨૦૧૪, ૨૪ ડિસેમ્બરથી ૨૮ ડિસેમ્બર ધામધૂમપૂર્વક ઉજવાશે. જેની વિસ્તારથી માહિતી અંકમાં મૂકવામાં આવશે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (નવેમ્બર-૨૦૧૩)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અને કાંકરિયા શ્રી હનુમાનજીનું પૂજન-આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સમૂહ શારદા પૂજન પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું.
૪ નૂતન વર્ષ - પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર - અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારવા પધાર્યા.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ કથા પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા કથા પ્રસંગે પધરામણી.
૧૩ પ.ભ. કાંતિભાઈ નારણદાસ પટેલ (રામ)ને ત્યાં પધરામણી, થલતેજ.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ કાળી ગામે કથા પ્રસંગે પધરામણી. સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જોડીયા (મૂળી દેશ હાલાર પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૦ થી ૩૦ નવેમ્બર અમેરિકાની ધર્મયાત્રાએ પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (નવેમ્બર-૨૦૧૩)

૪ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર નૂતન વર્ષ નિમિત્તે અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.
૧૫ થી ૧૭ વિસનગર બાળ સત્સંગ શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર પાટોત્સ પ્રસંગે પધરામણી.



# શ્રીહરિની પૂજાના શાલિંગરામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આત્યન્તિક કલ્યાણની પરંપરાને અખંડ રાખવા ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા. (૧) શાસ્ત્ર (૨) દેવ મંદિર અને ભાગવતી દીક્ષા તથા (૩) મૂર્તિ પ્રતિષ્ઠા માટે આચાર્ય પદ સ્થાપના. તેમાં આચાર્યપદનું ધર્મવંશ ધર્મકુળમાં વૈદિક પરંપરા મુજબ સ્થાપન સંવત ૧૮૮૨ કારતક સુદી એકાદશી વડતાલ શુભ સ્થાને અમદાવાદ અને વડતાલ ઉત્તર વિભાગ શ્રીનરનારાયણદેવની ગાદી પર ધર્મદેવના મોટા પુત્ર રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજીની નિયુક્તિ સ્થાપના કરી અને વડતાલ દક્ષિણ વિભાગ લક્ષ્મીનારાયણદેવની ગાદી પર નાના પુત્ર રઘુવીરજી મહારાજની નિયુક્તિ સ્થાપના કરી તે સમયે પોતાના અધિકાર તમામ સહિત ઐશ્વર્ય આચાર્યપદમાં પ્રતિષ્ઠિત કર્યું.

ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ દેશ તથા દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશને ભારત સહિત પૃથ્વીના નકશાને કર્કવૃત રેખાના આધારે ઉત્તર દક્ષિણ વિભાજીત કર્યા.

સર્વાવતારી શ્રીજી મહારાજનું વિચરણ સવિશેષ દક્ષિણ વિભાગમાં આવેલા પ્રદેશોમાં રહ્યું તેથી દક્ષિણ વિભાગનાં ગામો શહેરો હરિભક્તોની સંખ્યા અને સમૃદ્ધ રાજા રડવાડાઓ તેમજ જળ સંપત્તિ જેવા કુદરતી પ્રસાધનો વાળો વિસ્તાર દક્ષિણ વિભાગમાં વધુ આવ્યો. વિસ્તાર અને હરિભક્તોની સંખ્યાની તુલનામાં સિત્તેર ટકા સત્સંગ સમુદાય વડતાલ દક્ષિણ વિભાગમાં સમાવેશ થયો અને માત્ર ત્રીશ ટકાનો સમુદાય ઉત્તર વિભાગમાં એ સમયની સ્થિતિ જોતાં માલુમ પડે છે. સર્વાવતારી શ્રીહરિએ પક્ષપાત કર્યો હોય એવી શંકા તો કરી જ ન શકાય. કેમ કે શ્રીહરિ સ્વતંત્ર સર્વકર્તા અન્તર્યામી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ એક માત્ર ભગવાન રહ્યાં છે. છતાં પણ ભૌતિક દૃષ્ટિએ માયિક ભાવે કરીને નજર કરીએ તો વ્યક્તિ વિચાર કરે તો જરૂર થઈ જાય. કે નાના મોટા ભાઈના પુત્રોને વહેંચણી કરવાના પ્રસંગોમાં સમાનતા જોવામાં વિશેષ આવતી હોય છે.

દક્ષિણ વિભાગના આચાર્ય પદે બિરાજમાન પ.પૂ.ધ.ધુ. રઘુવીરજી મહારાજને અસંતોષ થવાના કોઈ કારણોને અવકાશ ન હતો. પરંતુ ઉત્તર વિભાગના આચાર્ય પદે બિરાજમાન આદિ આચાર્ય પ્રવર યોગી પુરષ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી આધ્યાત્મિક દૃષ્ટિ વડે નજર નાખે તો કોઈ ફરિયાદ વિનંતી ન થાય પણ ભૌતિક દૃષ્ટિ વડે શ્રીજી મહારાજને પ્રાર્થના કરવાનો વિચારતો આવ્યો જ હશે.

પોતાના મનની વાત મહારાજને ન કહે તો કોને કહે. ગાદી પદારુઢ થયા પછી શ્રીજી મહારાજ ચાર વર્ષ સત્સંગમાં રહ્યાં. ત્યાં સુધી અયોધ્યાપ્રસાદજી મહારાજને અનેકવાર ફરિયાદ વિનંતી કે પ્રાર્થના કરવાના વિચાર વળી વળીને આવતા પણ જ્ઞાને કરીને મહારાજ રાખે એમ રહેવું એ ન્યાયે જ્ઞાને કરીને વિચારને વિસારી દેતા.

સ્વધામ ગમનના થોડા સમય અગાઉ એકવાર શ્રીહરિ સ્વામિનારાયણ ભગવાન અમદાવાદ પધાર્યા હતા. ધર્મકુળ સુવાસીની ભાભીના ઉતારે મહારાજ થાળ જમવા પધાર્યા. તે વખતે અયોધ્યાપ્રસાદજીની મુખાકૃતિ પર આછી ઉદાસીનતા શ્રીજી મહારાજે જોઈને બોલ્યા : કેમ ? કોઈ અસંતોષ છે ? જવાબમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે હાથ જોડીને કહ્યું : કે હે મારા બાપ ? અસંતોષનું કારણ મારા માટે નથી પરંતુ શ્રી નરનારાયણદેવ તપસ્વી સ્વરૂપ અને એમાં સૂકો પ્રદેશ ધનવાન શહેર અને ભક્તોની સંખ્યા મર્યાદિત છે એટલે શ્રી નરનારાયણદેવને નિત્ય થાળ કરવા પણ કઠણ પડશે અને સંતોને રોટલાય પુરા નહિ પડે. ગામો થોડા અને વળી આર્થિક રીતે સામાન્ય હરિભક્તો.

પ્રભુ કંઈ એવી દયા કરો કે ઉત્તર વિભાગ નરનારાયણદેવના વિસ્તારમાં આધ્યાત્મિક અને ભૌતિક સમ્પત્તિ અખંડ રહે. ભૌતિક સમ્પત્તિ એટલા પ્રમાણમાં આપજો કે આધ્યાત્મિક સમ્પત્તિ અખંડ રહે.

અયોધ્યાપ્રસાદજી મહારાજનો આર્તનાદ જાણી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને અયોધ્યાપ્રસાદજીને પોતાનો અંતરનો રાજીપો આપવાની ભાવનાથી થોડીવાર વિચારીને સર્વસ્વના રૂપમાં પોતાની પૂજા મંગાવી તેમાં ધર્મદાદાએ પૂજેલા તથા છેલ્લી કેટલીક પેઢીઓથી પૂજાતા શાલિંગરામ સ્વરૂપ ધર્મદેવના અક્ષરવાસ પછી ઘનશ્યામ મહારાજ નિત્ય પૂજા કરે, નિત્ય સ્નાન પૂજા નૈવેદ્ય કરતા. જ્યારે વન વિચરણમાં પધાર્યા ત્યારે શાલિંગરામના સ્વરૂપને સાથે

લીધા. કંઠમાં ધારણ કરીને રાખતા અને નિત્ય સ્નાન પૂજા નૈવેદ્ય કરીને સ્વયં જમતા. વનમાં પ્રસ્થાન સમયે અસુરના કારણે સરયૂ નદીમાં શરીર બાર ગાઉ સુધી ઘોડાપુર વેગમાં તણાયું તો પણ શાલિંગરામના સ્વરૂપને સાચવી રાખ્યું. વળી ભૂતપુરી જતાં અતિ વિકટવનમાં ત્રણ ત્રણ દિવસ સુધી અન્નજળ ન મળતાં ત્રણ કમંડળ જળ પાન કર્યું.

શ્રીજી મહારાજ સત્સંગમાં આવ્યા પછી ગાદી પદારૂઢ થયા પછી પણ પોતાના શાલિંગરામ સ્વરૂપની નિત્ય પૂજા કરતા. એ અતિ પ્રસાદીના ૩૮ વર્ષ સુધી શ્રીહરિએ સેવેલા શાલિંગરામ સ્વરુપ અયોધ્યાપ્રસાદજી મહારાજને આપ્યું અને કહ્યું કે ઉત્તર વિભાગ ભલે ને ભૌતિક દ્રષ્ટિએ સાધારણ છે પણ આ મારી પૂજાનો દિવ્ય વારસો તને અંતરના રાજીપા આશીર્વાદ સહિત આપુ છું. હું સદાય-કાયમ તારી સાથે જ છું.

અલભ્ય પ્રાપ્તિથી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉદાસીનના સદાયને માટે ચાલી ગઈ. ખૂબજ ખુશ થયા. શ્રીજી મહારાજને વારંવાર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને કહ્યું કે પ્રભુ ! આપે મને બધુંજ આપી દીધુ છે. કાંઈ કોઈ પ્રકારની કમી રહી નથી. હવે મારી સર્વ મનોકામના પૂર્ણ થઈ છે. આપની આ પૂજાના સ્વરૂપની પૂજા કરીને અમારી અખંડ પેઢીયો સુધી સત્સંગની સેવા કરીશું.

તે સમયથી પ્રસાદીના અતિ ચમત્કારી જેની કોઈ ઉપમા ન આપી શકાય તેથી અધિક ઉત્તમ સ્વરૂપ પ્રસાદી નિધિ એવા શાલિંગરામ સ્વરૂપની આદિ આચાર્ય મહારાજથી લઈને આચાર્ય પરંપરાના ગાદીપતિ સ્વયં પૂજા કરે છે. દેશ વિદેશમાં જ્યાં પણ જવાનું થાય પણ આ પ્રસાદીની પૂજા તો સાથે જ હોય છે. આ સ્વરૂપને ધરાવ્યા વિના જળ પણ આચાર્ય મહારાજશ્રી પીતા નથી.

પૂજાના ડબામાં શ્રીહરિએ પૂજેલા તથા રામપ્રતાપજી મહારાજની પૂજાના તથા અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજાના કુલ ૩ શાલિંગરામ સ્વરૂપની પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નિત્ય પૂજા કરે છે.

દર્શન માત્રથી સર્વપાપ બળીને ભસ્મ થઈ જાય. અભિષેકનુ જળ જેને પણ આપવામાં આવે છે તેની આધિ વ્યાધિ ઉપાધિ ત્રણેય શમી જાય છે. ઘણા હરિભક્તો પ્રસાદીના જળનો લાભ પણ લઈ રહ્યાં છે. આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાને નિત્ય કોઈને કોઈ જળ લેવા આવ્યા જ હોય છે. બહાર ગામ પધારે ત્યારે ત્યાંના સ્થાનિક હરિભક્તો જળની અને દર્શનની વાટ જોતા હોય છે. ભાગ્યશાળી હોય તેને જ દર્શન થાય. અનંત કોટી બ્રહ્માંડ સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરે, તો સ્વામિનારાયણ ભગવાને જે સ્વરૂપની પૂજા કરી હોય તેવા અલૌકિક સ્વરૂપની શું વાત કરવી.

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૧૩ થી તા. ૧૪-૧-૨૦૧૪

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂનનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

દરેક માસિક ધૂનના યજમાનો અને દૈનિક ધૂનના યજમાનોને ધનુર્માસની યાદગીરી રૂપ અલૌકિક ભેટ પણ મળશે. કેટલા બધા લાભ ધૂનમાં આવવાથી મળે છે.

- મહંત સ્વામી

# પંચમ બાળ-સત્સંગ શિબિર, વિસનગર

(આયોજક : શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર -નિકુંજ ભાવસાર)

સૂર્યનારાયણ પોતાની પ્રથમ કિરણ ધરતી ઉપર પધરાવી અને શીતળ પવન જે વાતાવરણ ઠંડુ બનાવી રહ્યો હતો, પક્ષીઓ સવારની સુંદર મજા માણી પોતાની દૈનિક ક્રિયામાં જોડાયા હતા અને માનવજાત પણ પોતાના વ્યવહારિક કાર્ય માટે ભાગમભાગ શરૂ કરેલ હતી અને અચાનકજ મોબાઇલ ની ઘંટડી રણકી અને હેલ્લો કહેતા તો જવાબ આવ્યો. સ્વામિનારાયણ મંદિર, કાલુપુરથી બોલુ છું. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીનરનારાયણદેવ પીઠસ્થાનથી ભાવિ આચાર્યશ્રી આપની સાથે વાત કરવા માંગે છે. અનંત જન્મોના સુકૃત ઉદય થયા હોય તેને જ શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ વંશજ ના દર્શન, અવાજ કે સ્પર્શનો લાભ મળે. જે કોટી કલ્પે ને કોટી સાધન થી પણ મળે નહીં. અને ભવબ્રહ્માદિક દેવતાને પણ દુર્લભ એવા સુખની અનુભૂતિ અને રોમાંચ થઇ આવ્યો અને ભગવાનના અપર સ્વરૂપ પ.પૂ. લાલજી મહારાજશ્રી ના મધુર વચનો શ્રવણ થયા. આ વખતે દિવ્ય પંચમ્ બાળ સત્સંગ શિબિરનું આયોજન વિસનગર થાય તેવી રૂચિ છે. અહોહો.. એ શબ્દો સાંભળતા જ "વ્હાલો અઢળક ઢળ્યા" એ ન્યાયે આજ્ઞા શિર સાટે સ્વીકારી અને તે પળ "એ સુખની શી કહુ વાત કહી નથી જાતી" ખરેખર રાજીપો એવો લાગ્યો કે બસ જાણે વિસનગરની જે પવિત્ર પાવન ભૂમિ તેમાં સ્વયં ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાત સાત વાર પધારી દિવ્યતા પ્રદાન કરેલ છે તેવી જ રીતે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. મહારાજશ્રીએ અનેકવાર પધારી સત્સંગીઓને ધન્ય કર્યા છે. અને જે રાજીપો વધુ મળે તેવી કૃપા ભાવિ આચાર્ય પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરી. દશ મિનિટ પછી ફરીથી ફોન આવે છે કે શિબિરની તારીખો : ૧૫, ૧૬, ૧૭ નવેમ્બર, ૨૦૧૩ છે. આયોજન થશે ? અરે! જ્યાં સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન નો સંકલ્પ હોય અને ધર્મકુળના આશીર્વાદ હોય તો શા માટે ન થાય.?

જીવન નો મોટામાં મોટો ઉત્સવ મળ્યો હોય, અને જીવનમાં આનંદ મનાવવાના ઉત્સવોતો ઘણાજ આવતા હોય છે પરંતુ, જેનાથી જીવનું પરિવર્તન થાય, જીવની ભગવાન સાથે પ્રિતી થાય અને પ્રભુની રૂચિમાં જીવન જીવવાની કળા શીખી એ માર્ગે આગળ વધે તેજ સાચી શિબિર. તેજ દિવસે ટૂંકજ સમયમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર તથા શ્રી સહજાનંદ કિશોર મંડળના કારોબારી સભ્યોની મિટિંગ થઇ અને ભાવિ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાને તન, મન, ધન થી સમર્પિત થઇ સફળ બનાવવાનો સંકલ્પ શ્રી હરિના ચરણમાં મૂક્યો. તે જ રાત્રે સૌ યુવકો ભેગા થયા અને પ્રચાર-પ્રસાર તથા રૂબરૂ સંપર્કના આયોજન માટે લાગી ગયા. બે જ દિવસ પછી ૨૬, ૨૭ ઓક્ટોબર માત્ર બે જ દિવસમાં ૧૫૫ (એકસો પંચાવન) ગામોમાં રૂબરૂ સંપર્ક કરી જે તે ગામનાં સંચાલક/કોઠારી કે પ્રતિનિધીને દિવ્ય બાળશિબિરનો હેતુ સમજાવી અને સમગ્ર ધર્મકુળનો રાજીપો મેળવવા વિનંતી કરી. આ કામ માટે સાત ટીમો બનાવવામાં આવી હતી અને સાતે ટીમોના સભ્યોએ સ્વખર્ચે દરેકનો સંપર્ક કર્યો. દિવાળીના તહેવાર હોવાથી માંગેલ માહિતી નિયત પત્રકમાં આપેલ સરનામાં સાથેના કવરમાં બીડી વિસનગર પહોંચાડવા આયોજન કરેલ. ગામે ગામ બેનર લગાવવામાં આવ્યા. તા. ૫-૧૧-૧૩ થી બાળકોનો ઉમળકો દેખાવા લાગ્યો અને સૌ પ્રથમ લાલોડા ગામના ૪૫ શિબિરાર્થીઓની વિગત મળી. અને તા. ૧૦-૧૧-૧૩ સુધીમાં તો ૧૦૦૦ ઉપરાંત શિબિરાર્થીઓની જુદાં જુદાં ૫૫ ગામોની વિગતો આવી અને સમય મર્યાદા પુરી થઇ હોવાથી અને તહેવારોના કારણે સાનુકુળતા ન હોવાથી ફોન દ્વારા વિગતો આપી. અને શિબિર પ્રારંભે ૬૫ ગામોની આ સંખ્યા ૧૨૦૦ થી વધુ થઇ.

**તા. ૧૫-૧૧-૨૦૧૩ શુક્રવાર (પ્રથમ દિવસ)**

દિવ્ય આનંદની અનુભુતી નો દિવસ આવ્યો. આજે મંગળ ઘડી નો પ્રારંભ હતો. સૌ બાળશિબિરાર્થીઓના હૈયામાં અતિશય આનંદ તાજગી તરવરાટ અને ઉત્સાહ હતો. સૌ શ્રી સહજાનંદ સંસ્કારધામ, વિસનગરની ભૂમિ ઉપર પ્રવેશતા બાળ યુવાનો જાણે જીવનનો કચરો સાફ કરવા માટે જ્ઞાન, સમજણ અને સિધ્ધાંતોનો વારસો મેળવવા થન ગની રહ્યાં હતા. સુંદર આયોજનમાં સાત વિભાગ ગામ વિસ્તાર પ્રમાણે રાખવામાં આવેલ, જેમાં જે તે ગામનાં પ્રતિનિધિ પોતાની ટીમ સાથે રજીસ્ટ્રેશન કરાવતા હતાં. આવનાર ૧૨ થી ૨૦ વર્ષના પ્રત્યેક શિબિરાર્થીને

ઉતારા સાથે એક કીટ જેમાં ટુથ બ્રશ, ટુથ પેસ્ટ, શેમ્પુ, સાબુ, હેર ઓઇલ, ટીશર્ટ વગેરે આપવામાં આવેલ અને ઉતારામાં અરિસા, કાંસકાની વ્યવસ્થા તો ખરીજ. ત્રણે દિવસનાં કાર્યક્રમની વિગત દરેક રૂમમાં લગાવેલી હતી. પોતાનો ઉતારો મેળવી, સંપ્રદાયની રીતિ પ્રમાણે દૂધ-કોફી અને નાસ્તા માટે સુંદર આયોજન કરવામાં આવેલ. વધુ સારી સગવડ માટે પ્રત્યેક ત્રણે દિવસના સવારે દૂધ–નાસ્તો, બપોર નો પ્રસાદ, સાંજે દૂધ–કોફી ને રાત્રે ભોજનના પાસ આપવામાં આવેલ. અલ્પાહાર પતાવી હજી તો શું કરીએ? શું કરીશું? તેની ચર્ચા ચાલતી હતી ત્યાં તો માઇક માં જાહેરાત થઇ કે સર્વે શિબિરાર્થીઓ મુખ્ય દરવાજે પહોંચી જાય. ચર્ચા શરૂ થઇ કે ગેટ આગળ કેમ ? ત્યાં તો સૂચના મળી કે શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના ભાવિ આચાર્ય અને શ્રી હરિના આઠમાં વંશજ પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધારે છે. બરાબર સવારે ૯–૦૦ કલાકે સૌના ગુરુ પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો સાથે પધાર્યા. શ્રીનરનારાયણ શ્રીસ્વામિનારાયણ નો જય ઉદ્‌ઘોષ થયો અને મંગળમય ધૂન કરતા કરતા સર્વે શિબિર સ્થળે પધાર્યા પછી સર્વે શિબિરાર્થીઓએ પોત પોતાનું સ્થાન શિસ્તબધ રીતે ગ્રહણ કર્યું અને દિવ્ય વાજીંત્ર સહિત મંગળાચરણ, મંગળ ધૂનનો પ્રારંભ થયો.

દિવ્ય પંચમ બાળ સત્સંગ શિબિરનો પ્રારંભ પ.પૂ.લાલજી મહારાજશ્રી, સંતો તથા અગ્રગણ્ય હરિભક્તો દ્વારા વિશાળ બાળ યુવાનોની હાજરીમાં મંગલ દિપ પ્રાગટ્ય દ્વારા થયું. ત્યારબાદ નંદ સંતો રચિત કીર્તન–ભક્તિ નો પ્રારંભ થયો. જ્ઞાન અને સમજણ માટે આજના દિવસના વિષયો હતા. પૂજાવિધિ અને સ્વરૂપ નિષ્ઠા

પ.પૂ.લાલજી મહારાજશ્રીની સેવામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી શિબિરમાં ત્રણે દિવસ ઉપસ્થિત રહ્યાં હતાં.

**પ્રથમ સત્ર ૧. નિકુંજભાઇ ભાવસાર (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર) - પૂજાવિધિ વિષય ઉપર પૂજાની રીત, પૂજાની મૂર્તિઓ અને આચાર્ય દ્વારા પ્રમાણિત મૂર્તિઓ ની સરળ** અને સચોટ સમજણ **બાળ શૈલીમાં સમજાવ્યું.**

**૨. સ.ગુ. શાસ્ત્રી શ્રી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) - સ્વરૂપ નિષ્ઠા વિષય ઉપર સંપ્રદાયના મૂળભૂત શાસ્ત્રોની શાખે વિસ્તારથી વચનામૃતના તથા** શિક્ષાપત્રીના અનુસંધાન પ્રમાણે પોતાની વાણીથી બાળ શિબિરાર્થીઓને પ્રેરીત કર્યાં અને સાચી સ્વરૂપ નિષ્ઠાની સમજણ આપી.

પ્રથમ સત્રના અંતે પ્રસાદ લઇ શિબિરાર્થીઓ પોતાના ઉતારે ગયા. બરાબર ૨–૩૦ કલાકે પ્રથમ દિવસે દ્રિતીય સત્રનો પ્રારંભ થયો.

- સ.ગુ.શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) દ્વારા શિક્ષાપત્રી–વચનામૃત વિષય ઉપર સુંદર સમજ આપવામાં આવી હતી. વર્તન, વાણી અને વિવેક જે સર્વજીવહિતાવહ સિધ્ધાંતો તેમજ વચનામૃતમાં શ્રીજી મહારાજની રૂચિ સમજાવી.

ત્યારબાદ પ્રશ્નોત્તરી વિભાગનો પ્રારંભ થયો. જેમાં મોટી સંખ્યામાં મળેલા પ્રશ્નોનું નિરાકરણ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો દ્વારા કરવામાં આવ્યું.

પ્રથમ દિવસનાં બીજા સત્રનાં અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે આ શિબિરોનું આયોજન કેવળ સત્સંગ અને ધાર્મિક જ્ઞાન માટે નથી પણ સત્સંગી હરિભક્ત, સંતો અને ધર્મકુળનું પરસ્પર સુહ્રદયપણું થાય અને જીવનમાં સાચી સમજણવાળો વિવેકી બાળ બને એજ હેતુ છે. અને આટલા બધા તમે સૌ દૂર દૂરથી આવ્યા છો તો તમે ભાગ્યશાળી છો અને સારી, સાચી વસ્તુ ગ્રહણ કરજો તેવા આશીર્વાદ પાઠવ્યા. રાત્રી ભોજન બાદ શિબિરાર્થીઓમાં કંઇક અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. ધીમે ધીમે કારણ જણાયું કે પ્રત્યેક શિબિરાર્થીને ઇન્ટરનેશનલ જાદુગરનો શો જોવા જવાનું હતું અને સમય થતાંજ શિસ્તબધ ત્રણ ત્રણ ની લાઇનમાં પ્રત્યેક શિબિરાર્થીઓ શો ના સ્થળે પહોંચ્યાં. બરાબર ૯.૦૦ થી ૧૧.૪૫ સુધી જાદુના પ્રયોગો જોઇને શિબિરાર્થીઓ આનંદિત થયા.

**તાઃ ૧૬-૧૧-૧૩ શનિવાર (દ્વિતીય દિવસ)**

એમ લાગતું હતું કે ૧૨૦૦ થી વધુ બાળકો નિત્ય ક્રમ પતાવીને સમયસર ૮–૦૦ વાગે સભા મંડપમાં ઉપસ્થિત થઇ શકશે? થશે ? પણ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સાચો હરિભક્ત અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના બાળસેનાનીઓએ સમયસર શિસ્તબધ્ધ પોતાનું સ્થાન મેળવેલું હતું. પ.ભ. ચિંતનભાઇ અને પ.ભ. મહેશભાઇ દ્વારા માનસીપૂજા તથા યોગ કરાવવામાં આવ્યા. ત્યારબાદ અલ્પાહાર પતાવીને બરાબર ૯–૩૦ કલાકે બીજા દિવસના પ્રથમ સત્રનો પ્રારંભ કીર્તન–ભક્તિથી થયો.

ત્યારબાદ આજના પ્રવચનના દોર માં સાચો

સત્સંગી વિષય ઉપર માણસા મંદિરનાં મહંત સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજીએ પોતાની આગવી શૈલીમાં દ્રષ્ટાંતો સહિત સમજણ આપી અને અંતમાં ખુદાની બંદગીની બાંગ પોકારી સર્વેને આનંદિત કરી દીધા હતા. ત્યારબાદ પંચ વર્તમાન વિષય ઉપર પ.ભ.નારાયણભાઇ ચૌધરી (બાલવા) દ્વારા સમજણ આપવામાં આવી હતી. ત્યારબાદ જ્ઞાન સાથે ગણિત ની ગમ્મત સ.ગુ. નાના પી.પી. સ્વામી (ઇડર) દ્વારા કરાવવામાં આવી હતી. પછી સૌ પ્રસાદ લેવા ગયા.

બપોરે ૨.૦૦ કલાકે પ્રત્યેક વિસ્તાર-ગામનાં પ્રતિનિધિ બાળ શિબિરાર્થીઓને લઇને હાજર થયા. આયોજકો દ્વારા બપોરનો કાર્યક્રમ શ્રીહરિ વિસનગરમાં પધારેલા તે દિવ્ય સ્થાનો ને પ્રસાદીભુત વસ્તુઓના દર્શન માટે સર્વજીવહિતાવહ રેલી રૂપે આયોજીત કરેલ. શિબિરાર્થીઓને રેલી પ્રારંભ સ્થળ સુધી પહોંચાડવા માટે વાહનોની સુંદર વ્યવસ્થા કરેલ. ભવ્ય અને વિશાળ રેલીમાં બાળ-શિબિરાર્થીઓને શિસ્તબધ્ધ પોતાના ગામનું બેનર તથા સમાજલક્ષી અને શિક્ષાપત્રી ના સ્લોગન સાથે ને આયોજક દ્વારા આપવામાં આવેલ શ્રી નરનારાયણદેવ ના લોગો વાળી ટી-શર્ટ થી સુંદર શોભતી હતી. રેલી નો માર્ગ - સૌ પ્રથમ પ્રસાદીનું સ્થળ સલાટ નો ચોરો ને ભગવાનની પ્રસાદીની ડગલીના દર્શન કરી શહેરનાં જાહેર માર્ગો ઉપર શ્રી સ્વામિનારાયણ ધૂન સાથે આગળ વધતી હતી. અને અચાનકજ શ્રી નરનારાયણદેવ ની જય શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય ના ઉદ્ઘોષ સંભળાયા. કારણ, બાળ શિબિરાર્થીઓના હ્રદય સમ્રાટ પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમની વચ્ચે "તારે વિટ્યો જેમ ચંદ્ર" તેમ શોભતા સૌની સાથે પદયાત્રા માં જોડાણા અને લાલજી સુબાનું ઘર, દુર્લભદાસ ચોક, ઉદયકુંવરબાનું ઘર (હાલ જ્યાં બહેનોનું મંદિર છે) ત્યાંથી મેઇન બજાર થઇ પુરૂષોના મંદિર, ભીમનાથ મહાદેવ (અલભ્ય પ્રસાદી જે પથ્થરના હાથીને લાડું જમાડ્યાં તે) અને અંતે અલૌકિક પ્રસાદીભૂત પિંડારીયા સરોવરે પહોંચ્યાં. સમગ્ર પદયાત્રા રેલી દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો સાથે ચાલી બાળ શિબિરાર્થીઓને દિવ્ય આનંદનુ સુખ આપ્યું. રાજમાર્ગો ઉપર શહેરના પ્રતિષ્ઠિત વેપારી તથા સત્સંગીઓ દ્વારા પ.પૂ.લાલજી મહારાજશ્રીનું સન્માન કરી પૂજન કરતા. સમગ્ર ઢેલી દરમ્યાન ઠેર-ઠેર પાણી, શરબત તથા ચા-પાણી ની વ્યવસ્થા રાખવામાં આવેલ.

પિંડારીયા સરોવરે સ.ગુ.ઉત્માનંદ સ્વામી ની સમાધિ એ દર્શન કરી તથા પ્રસાદીની છત્રી તથા સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલ શ્રી હનુમાનજી ના દર્શન કરી સર્વે સભાના રૂપમાં ગોઠવાઇ ગયા. જ્યાં વડનગર મંદિરનાં મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સમગ્ર પ્રસાદી સ્થળોના મહિમાનું વર્ણન કરી સુંદર સમજ આપી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે, શિસ્ત, વિનય અને નિયમિતતા એજ જીવનની મોટામાં મોટી શોભા છે. સંસ્કારનું પ્રથમ પગથિયું શિસ્ત અને વિનય છે. જેમ એકડા વગરના મીંડા ની કિંમત શૂન્ય છે તેમ શિસ્ત વગરનું જીવન પણ શૂન્ય સમાન છે.

ત્યારબાદ વાહનો દ્વારા શિબિરાર્થીઓ શિબિર સ્થળે પાછા આવ્યા. રાત્રી ભોજન ની સમાપ્તિ થઇ. ત્યાં તો સંગીત ની સુરાવલીઓ વાજીંત્રો સહિત સંભળાવવા માંડી અને દોડી દોડી ને બધા રાસની રમઝટ માટે ભેગા થયા. શનિવારે રાત્રે ૯-૦૦ થી ૧૧-૩૦ દરમ્યાન પૂજ્ય સંતોના સાનિધ્ય તથા સાથમાં તમામ શિબિરાર્થીઓએ દિવ્ય રાસનો આનંદ લૂંટી સૌ ધન્યભાગી બન્યા. વિસનગરની સ્થાનિક ઓરકેસ્ટ્રા અને યુવક મંડળના સભ્યો દ્વારા નંદ-સંતો રચિત કીર્તનો દ્વારા દિવ્ય રાસોત્સવ સંપન્ન થયો. શ્રીજી મહારાજ ના વખતમાં પંચાળામાં થયેલ નંદ-પંક્તિના સંતો ને હરિભક્તોએ મહા પ્રભુની સાથે રમેલ રાસનું જાણે કે પુનરાવર્તન થતું હોય તેવી અનુભૂતિ રમનાર, જોનાર સર્વે ને સમાન રીતે અનુભવવામાં આવી. સમગ્ર દિવસ દરમ્યાન થાક અને દુઃખને ભૂલાવીને દિવ્ય આનંદમાં રસ તરબોળ કરનાર રાસની રમઝટ દ્વારા હરિભક્તોએ શિયાળાની ઠંડીને ઉડાડી દીધી. સંતો-હરિભક્તો સૌ ભગવાનની પ્રેમ-લક્ષણા ભક્તિમાં મગન થઇ ઝુમ્યા હતા. સૌ અતિશય હર્ષમાં હતા, સૌને એમ હતું આ રાસ હજુ વધુ સમય સુધી ચાલું રહે તો સારૂ.

**તા: ૧૭-૧૧-૨૦૧૩ રવિવાર (તૃતીય દિવસ)**

આજનો દિવસ તો દેવ-દિવાળી નો દિવસ અને પૂનમ. બે દિવસથી નિરંતર સંતો-હરિભક્તો દ્વારા સત્સંગનું મૂળ સંપ્રદાયનું સિંચન અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમિદૃષ્ટિથી સુંદર કમળ સમ શિબિરાર્થીઓ ખીલી રહ્યાં હતા. માનસીપૂજા અને ધ્યાન પૂર્ણ થયા બાદ અલ્પાહાર પૂર્ણ કર્યો.

ત્યારબાદ પ્રવચનના દોરમાં સ.ગુ. નાના પી.પી. સ્વામી (ઇડર) એ ધર્મકુળ અને ગુરૂ પરંપરા વિષય ઉપર સુંદર સમજ આપી. જેમાં ડાયરાની આછી ઝાંખી

પણ કરાવી જેથી બાળ શિબિરાર્થીઓને રમૂજ સાથે જ્ઞાનની પ્રાપ્તિ થઇ. ત્યારબાદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર ના પ્રમુખ શ્રી ચિંતનભાઇ કંસારા એ સત્સંગીનું ઘર વિષય ઉપર પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું. ત્યારબાદ જુદાં જુદાં ગામોના શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપેલ અને પ્રથમ સત્ર પૂર્ણ થયેલ.

પ્રથમ અને દ્વિતીય સત્રના વિરામમાં પ્રત્યેક ગામના સંચાલક પ્રતિનિધીને પ.ભ. ઉદયનભાઇ મહારાજા તેમજ સંતો દ્વારા યોગ્ય માર્ગદર્શન, બાળ મંડળ માટે વિવિધ પ્રવૃતિઓ ની વિગત આપવામાં આવી. સંચાલક મિટિંગમાં પ.પૂ.ભાવિ આચાર્ય મહારાજશ્રી એ જણાવ્યું કે જે કંઇ પ્રવૃતિ કરીએ છીએ તે કેવળ નિષ્કામપણે ભગવાનને રાજી કરવા માટે કરવી અને આવી પ્રવૃતિઓ દ્વારા સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાચા સિધ્ધાંતો ની સમજણ આપી પાલન કરાવવું. સૌ સંચાલકોએ કરેલ આજ્ઞા પાલનની ખાત્રી આપી.

અંતિમ દિવસના અંતિમ સત્રમાં કીર્તન-ભક્તિ દ્વારા પ્રારંભ કરી સર્વે શિબિરાર્થીઓને પ્રશ્નોત્તરી માટે સમય આપવામાં આવ્યો. ત્યારબાદ પ.ભ.શ્રી ઉદયનભાઇ મહારાજાએ પોતાની આગવી શૈલીમાં બાળ શિબિરાર્થીઓને સ્વભાવ, વહેમ, વ્યસનથી દૂર રહી એક સૂત્રતા કેળવવી અને મળેલી તકને ઉજાગર કરવી તેની સમજ આપી. **અંતમાં સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે સૌએ શ્રીજી મહારાજને રાજી કરી લેવા. આપણે જે કંઇ કરીએ છીએ તે માત્ર ભગવાનને રાજી કરવા માટે કરીએ છીએ. ધર્મકુળ, સંતો, હરિભક્તો જે જે દાખડો કરે છે તે કેવળ ભગવાનના રાજીપા માટે છે, બાળકો તો પાયાની ઇંટ છે. તમામ વૃત્તિઓને એકાગ્ર કરીને આ શિબિરમાં મળેલ સંસ્કારને વાગોળજો આ શિબિરનો ધ્યેય સમજજો, પાયો કાચો રહેશે તો તેની ઉપર ચણાયેલી ઇમારત પણ કાચી રહેશે તે લાંબો સમય નહિ** ટકી **શકે. આ શિબિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર ને આપવામાં આવેલી તન, મન, ધન ની સેવા સ્વીકારી, તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે. ખૂબજ ટૂંકા ગાળામાં આવું સુંદર આયોજન જોઇ અમે ખૂબજ રાજી થયા છીએ. ભવિષ્યમાં થનારા આયોજન માટે પ્રેરણારૂપ છે. તમે સૌ શિબિરાર્થીઓ ખૂબજ ધન્યવાદને પાત્ર છો, કારણ કે તમે ત્રણ ત્રણ દિવસથી પોતાના ઘર પરિવારને છોડીને અહીં આવ્યા છો અને વધુ તો જે તે સંચાલક/પ્રતિનિધિ ધન્યવાદને પાત્ર છે. કારણ કે તમારી જવાબદારી તમે ખૂબજ નિષ્ઠાથી બજાવી છે. મહારાજના સિધ્ધાંતોને જીવનમાં ઉતારશો. ફરીથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગરની ટીમને તથા આપ સૌને અમારા રૂડા આશીર્વાદ. આપ સૌ ઉપર શ્રી નરનારાયણદેવ રાજી રહે એવી તેમના ચરણોમાં પ્રાર્થના.** પ્રેરણારૂપ વાત એ છે કે તનથી મનથી ને ધનથી સેવા થાય પણ આ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, વિસનગરે ત્રિવેણી સંગમરૂપ તન, મન, ધનથી સેવા કરી ને મુખ્ય યજમાનપદે રહી પાર્કિંગ થી માંડી તમામ સેવાઓ તેમજ મનનો ઉમળકો બતાવી એક ઉમદા દ્રષ્ટાંત પુરૂ પાડ્યું છે, અને સહ યજમાન પદે પ.ભ. મહેન્દ્રભાઇ જયંતીલાલ ભાવસાર હસ્તે ધવલભાઇ ને સંદિપભાઇએ લાભ લીધો હતો. મહેસાણાના અગ્રગણ્ય હરિભક્તો દ્વારા આર્થિક સહયોગ ની સેવા બિરદાવવામાં આવે છે. પ્રત્યેક યજમાનને કલાત્મક વુડન આશીર્વાદ પત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. તેમજ ભાગ લીધેલ સર્વે ગ્રામવિસ્તારના પ્રતિનિધિને પણ આશીર્વાદ પત્ર આપેલ. શિબિરાર્થીને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણસ્પર્શ કરીને આશીર્વાદાત્મક ક્લીપ બોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. પંચમ બાળ સત્સંગ શિબિર માં ૫૦૦ થી વધુ બાળકોએ પૂજા પેટી, ૧૧૫ બાળકોએ ગુરૂમંત્ર અને ૩૦૦ થી વધુ બાળકોએ કંઠી ગ્રહણ કરી હતી. સમગ્ર શિબિરની પ્રેરણામૂર્તિ સંપ્રદાયના ભાવિ **ભાવિ પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ની આજ્ઞા-આશીર્વાદથી સભા-સંચાલન શ્રી ચિંતનભાઇ કંસારાએ કરેલ અને માર્ગદર્શક તરીકે પ.ભ. શ્રી ઉદયનભાઇ મહારાજાએ સેવા આપેલ.

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો જોગ**

શ્રી સ્વામિનારાયણ માસિકના તમામ સભ્યોને જણાવવાનું જે આપને અંક ન મળવા અંગે, સરનામું બદલવા-સુધારા અંગે અથવા અંક ને લગતા કોઈપણ કામ માટે શ્રી સ્વામિનારાયણ માસિક ઓફિસમાં **સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ દરમ્યાન ૦૭૯-૨૨૧૩૨૧૭૦ ફોન નંબર** ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ખાસ ગ્રાહક નંબર વગર સરનામું બદલાશે નહીં તેની ખાસ નોંધ લેવી.

# આત્મસંતોષ

- મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

**"જે ગમે તે મળે - તેનું નામ સુખ,**
**જે મળે તે ગમે - એનું નામ સંતોષ."**

આત્મસંતોષ એ પરમ ધન છે. તેમાં જીવનનું સાચું સુખ સમાયેલું છે. જે માણસ આત્મસંતોષ કેળવે છે તે સદા સુખી જ થાય છે. બાકી આ સંસારમાં માનવીની ઈચ્છાઓનો મૃત્યુ સુધી અંત આવતો નથી. ઈચ્છા કે તૃષ્ણા એ એવી વિષવેલ છે કે જેને તે વળગી તે મનુષ્યમાંથી માણસાઈ નાશ પામે છે. તૃષ્ણા ઊંડી ખાઈ છે. તૃષ્ણા જાગે ત્યારે માનવી ઉન્માર્ગે વળે છે. તૃષ્ણા આકાશ સમાન અનંતી છે. એક ઈચ્છા પરિપૂર્ણ થતાં બીજી ઉદ્ભવે છે.

આત્મસંતોષ કંઈ એશઆરામ કે ધન દોલતથી નથી થતો. એ તો મનના અતિ ઊંડાણથી ઉદ્ભવેલી અંતકરણના અતળ ઉંડાણની કાયમી વૃત્તિ છે. માણસ જે જે કામનાઓ તજી દે છે, તે તેના સુખમાં વૃદ્ધિ કરે છે, પણ કામનાઓની પાછળ ફરનારો માણસ પોતાનો જ વિનાશ નોતરે છે. માનવીની કામનાઓ કે ઈચ્છાઓનું ખપ્પર કદાપિ ભરાતું જ નથી. મોંઘવારીની ચિંતા રોજ દૂધપાક પુરી ખાનારને હોતી નથી; પણ મરચું ને રોટલો ખાનારને હોય છે. આ સંસારમાં સૌ કોઈ ભૌતિક સંપત્તિને સુખનું સાધન માને છે. સંપત્તિ સુવિધા પૂરી પાડે છે, નહિ કે સુખ. ધનવાનોને જગત સુખી માને છે, પરંતુ વાસ્તવિક દૃષ્ટિએ તેઓ દુ:ખી હોય છે. તેઓને આત્મસંતોષનું સુખ સાંપડતું નથી. મોહનો મિનારો નહિ, ત્યાગની નૌકા જ ભવસાગરનો કિનારો દેખાડી શકે.

શ્રીમંતો પૈસો રળી જાણે છે, પણ આત્મસંતોષથી ધન કમાતા નથી, તેથી સદાય દુ:ખી રહે છે. આત્મસંતોષ અને આત્માની પ્રસન્નતા એ જ પરિશ્રમનો સાચો પુરસ્કાર છે. સુખનું સત્ય સ્વરૂપ દેહસુખ નહિ, પણ આત્મસુખ છે. સુખી જીવનનો શ્રેષ્ઠ માર્ગ એટલે આત્મસંતોષ સાદાઈ અને સરળતા. સુખ વડે શાંતિ નથી. શાંતિ અને સંતોષ વડે સુખ છે. આધ્યાત્મિક જીવનની મોટામાં મોટી દેન 'શાંતિ' છે, આત્મ સંતોષ છે.

જીવનમાં આત્મસંતોષ એ જિંદગીની નિરાંત છે. જેણે જીવનમાં આત્મસંતોષ કેળવ્યો છે. તેને હમેશાં સુખની જ અનુભૂતિ થાય છે. તેને દુનિયાની દોલત કે લાલચો સ્પર્શ કરી શકતી નથી. દ્રવ્ય વિનાનો દરિદ્ર નથી, પરંતુ અજ્ઞાની અને અસંતોષી મહાદરિદ્ર છે. **"જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂરિ સમાન."**

એક દિવસ એક સાધુને એક રૂપિયાનો સિક્કો મળ્યો. તેણે પહેલા તો વિચારેલું કે આ રૂપિયાનું તેને કોઈ કામ નથી, પણ કોઈ દરિદ્રને તે કામ લાગશે. પણ એવો કોઈ દરિદ્ર મળ્યો નહિ. એક દિવસ રાજા સૈન્ય લઈ કોઈ પ્રદેશ પર આક્રમણ કરવા જઈ રહ્યો છે. સાધુએ તરત જ તે રૂપિયો રાજા તરફ ફેંક્યો. રાજાએ ગુસ્સે થઈ પૂછયું કે આ રૂપિયો તમે શા માટે મારી તરફ ફેંક્યો ? સાધુએ કહ્યું : "હું દરિદ્રને શોધતો હતો." રાજાએ વિચાર્યું કે, હું આટલા મોટા રાજ્યનો રાજા છું પછી દરિદ્ર શાનો ? સાધુએ કહ્યું : "આપની પાસે આટલું મોટું રાજ્ય, ધન, સંપત્તિ વગેરે છે, છતાં તમે અન્ય પ્રદેશ જીતવા જઈ રહ્યા છો એટલે તમે દરિદ્ર જ કહેવાવ." આત્મ સંતોષ એ પરમ ધન છે. અજ્ઞાની અને અસંતોષી મહાદરિદ્ર છે.

જે વ્યક્તિ સો ટકા આપી શકતો નથી, તેને હંમેશાં સંશય, સંકોચ કે શંકા થાય છે. સંતોષ એને જ થાય છે જે સો ટકા આપે છે. જ્યાં સંપૂર્ણતા ન હોય ત્યાં સંતોષ નહિ, પણ શંકા અને સંતાપ જ હોય.

આત્મ સંતોષ એ આપણા ઈષ્ટદેવ પાસે પહોંચવાનું પ્રથમ સોપાન છે. રાગના ત્યાગ વિના વિરાગ ન સંભવી શકે. આત્મસંતોષ એ જીવનનું પાથેય છે. એ જીવનની અણમોલ ચાવી છે જે પ્રાપ્ત થતાં માનવીના જીવનની તમામ મુશ્કેલીઓનાં તાળાં આપોઆપ ખૂલી જાય છે. માનવજીવનમાં સૌથી ઉત્તમ ચીજ આત્મસંતોષ કેળવવાની છે અને તેમાં જ જીવનનો ઉદ્ધાર છે. જિંદગીને સંતોષની ખરલમાં ઘૂંટીશું તો કડવાશ પણ મીઠાશ બની જશે.

વસ્તુ પાળે, પ્રભુ પાસે કામના કરેલી કે, "પ્રભુ ! તમારા મંદિરના કોઈ ગવાક્ષમાં કે થાંભલાની ટોચે આગામી જન્મમાં, નાનકડા પંખીના રૂપમા, હું જન્મ શકું તોય મને ગમશે; ખૂબ ગમશે. કારણ કે ત્યાં નિશદિન ભક્તો દ્વારા ગવાતાં આપના ગુણગાન મને સાંભળવા મળશે. "મુખ દીઠે સુખ ઉપજે". આપનાં દર્શન દ્વારા

જન્મ કૃતાર્થ થશે.'' આ છે આત્મસંતોષનું અનુપમ ઉદાહરણ!

માનવમાત્રની સફળતાનું મૂળ આત્મસંતોષ અને આત્મશ્રદ્ધામાં રહેલું છે. આત્મસંતોષનો સીધો સંબંધ સંકલ્પબળ સાથે છે. તનબળ, મનબળ, બુદ્ધિબળ અને આત્મબળ એમ અનેક પ્રકારનાં બળ છે. આત્મસંતોષ પણ એક પ્રકારનું શ્રેષ્ઠ બળ છે. આત્મસંતોષ જેનામાં નથી, તેનું જીવન નિષ્ક્રિય, નિર્માલ્ય અને નિરાશાજનક બને છે.

આત્મામાં અચલ સંતોષ અને અચળ શ્રધ્ધા હોવી જોઈએ. આત્મસંતોષ એ માનસિક રાજ્યનો સમ્રાટ છે ! આત્મસંતોષ અને આત્મશ્રધ્ધાથી સમગ્ર જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આવે છે. નિષ્ફળતાનાં વાદળ વિખરાઈ જઈ સફળતાનો સૂર્ય ચમકવા લાગે છે. સુખ-દુ:ખનાં દ્વંદ્વમાંથી એને નિત્ય સુખની દિશા સૂઝે છે. સુખનું ફુલ આત્મસંતોષના છોડ ઉપર ખીલે છે. આત્મસંતોષના મૂળનું સિંચન થતાં વૃક્ષ થાય અને મીઠાં ફળ લાગે. એ જ આંતરિક સુખ, સ્વતંત્ર સુખ અને મુક્તિદાયી માર્ગ ખોલી આપે. એષણાઓનો અંત તો મૃત્યુ સુધી આવતો નથી. ''જે નથી તેને મેળવવામાં જ આપણે જે છે'' તેને ગુમાવીએ છીએ.

'જ્યોર્જ મેકડોનાલ્ડના શબ્દોમાં કહીએ તો - ''આપણને જે વસ્તુની જરૂર હોય તે મળે તો આપણી સમૃદ્ધિ ગણાય, પણ તે વસ્તુ વિના આપણે ચલાવી લેતા હોઈએ તો તે આપણી શક્તિ ગણાય.'' આ વિધાન વાચકવૃંદે હૃદયપટમાં કોતરી રાખવું જોઈએ. ટૂંકમાં, આત્મસંતોષ એજ શ્રેષ્ઠ અને શાશ્વત આનંદ છે.'

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**

# આનંદની હેલી

## ચોરટી ડોશીની વાતો

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

એક પ્રસાદીની વાર્તા છે. શ્રીહરિએ સ્વમુખે વડતાલની સભામાં સંભળાવી છે.

એક ડોશી હતી. તેને ચોરી કરવાની ભારે ટેવ. ગમે તે પ્રસંગમાં જાય ત્યાંથી કાંઈને કાંઈ ઉઠાવી આવે. એકવાર ડોશી કોઈની કાંણે ગયેલી. ત્યાંથી એક લોટો ચોરી આવી. ક્યાંકથી લાડવાં ચોરી આવે તો ક્યાંકથી વાસણ. લગભગ ખાલી હાથે ઘેર આવે નહિ.

એકવાર ગામના આગેવાનનું મૃત્યુ થઈ ગયું. એમાં બધી ડોશીઓ રોકકળ કરવા ગયેલી. જેમાં આ ડોશી પણ હતી. માધવદાસ સ્વામી પોતાના ગ્રંથમાં લખે છે કે -

**''બીજે દન કાણ કરવા ગઈ,**
**બેઠી કોરે સાણા પાસે જઈ,**
**તે કોઠીમાંહી પીંડલુ સાણે,**
**રોતીજાય ને ખોળામાં તાણે.''**

માજીનો ચોરી કરવાનો સ્વભાવ એટલે ઘરમાં નજર કરે કે કાંઈ લેવા જેવું છે ? અનાજની કોઠીમાં નીચે સાણા (કાંણા) માં હાથ નાંખ્યો તો મોટો સીંદરીનો દડો હતો. આ પણ કામ લાગશે એમ માનીને દડો ઉકેલવા માંડી. રોતી જાય ને ખોળામાં રાખીને સીંદરીનો બીજો દડો વીંટતી જાય. કાંણ મોંકાણ પુરી થઈ ગઈ. બધી ડોશીઓ ઘેર જવા તૈયાર થઈ પણ આ ચોરટી ડોશી મુંઝાણી. વિચારે ચડી કે ગઈ કાલે તો સારો લોટો મળી ગયો પણ આજ હવે આ સીંદરીનો છેડો આવતો નથી. ખબર પડશે તો લોકો હાંસી-મશ્કરી કરશે કે આ તો ચોરટી છે. અરર ! હવે શું થશે !

બીજી ડોશી કહે ચાલ અલી ઉભી થા, મોંકાણ પુરી થઈ ગઈ. ત્યારે ચોરટી ડોશી રોતાં રોતાં કહે શું કરું આ સીંદરીનો છેડો આવતો નથી. તો બીજી બોલી કે એમાં શું મુંઝાય છે । દાંતે દે એટલે તરત છેડો આવી જશે. ડોશીએ એમજ કર્યું એટલે સીંદરીનો છેડો આવી ગયો. દૃષ્ટાંત આપીને મહારાજ ખૂબ હસ્યા. આખી સભાને પણ હસાવીને ખુશ કરી દીધા.

આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા પણ અદ્‌ભુત મળે છે કે જીંદગીમાં કામકાજનો અંત જ નથી. પરંતુ ક્યારેક એને દાંતે કરીને ઘડી બે ઘડી ભજન સત્સંગ કરી લેવામાં મજા છે.

# ભક્તરાજ સરસેનાધિપતિ મીર સાહેબ

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)



સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોનાં કલ્યાણને અર્થે આ પૃથ્વી ઉપર પ્રગટ વિચરતા હોય છે. જો મુમુક્ષુને કોઈપણ નિમિત્તે પુરુષોત્તમ ભગવાનની ઓળખાણ થઈ જાય તો આ જગતની જંજાળથી છૂટતા વાર લાગતી નથી. ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનામાં કાચપ હોય અને ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે (વચનામૃત ગઢ. અંત્ય. ૩૩).

માટે જેને ભગવાનનું સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા અને ભગવાનના વચનમાં ક્યારેય ફેર પડવા દેવો નહિ. અને એવા ભગવાનના મોટા એકાંતિક સાધુ સાથે જીવ જડી દેવો તો જ કલ્યાણના માર્ગે નિર્વિઘ્ને આગળ વધી શકાય. મોક્ષનું દ્વાર પણ આવા એકાંતિક સાધુ થકી જ ઉઘડે છે. (ગઢ. પ્રથમ ૫૪). મન, કર્મ, વચન આવા સાધુના સમાગમ થકીજ ભગવાનની સાચી ઓળખાણ થાય છે.

શ્રીજી મહારાજના વખતમાં ઘણો બહોળો ભક્ત સમાજ હતો. તેમાં કેટલાય મુસ્લિમ ભક્તો પણ થઈ ગયા છે. જે નીચે પ્રમાણે છે.

(૧) અમદાવાદના ડોસાભાઈ (૨) અલીભાઈ ઘાંચી (૩) સરધારના બોદાકમાનગર (૪) કેસરમીંયા (૫) ભક્ત અલીભાઈ (૬) ભક્ત વલ્લીભાઈ (૭) ભક્ત શેખજી (૮) કાયાભાઈ (૯) ભક્ત આદમ અને મકન (૧૦) ભક્ત સફરાઅલી મીર સાહેબ તેઓએ પણ મન-કર્મ-વચને મોટા સંત પુરુષનો પ્રસંગ કરી મહારાજને જેમ છે તેમ ઓળખી પોતાનું કલ્યાણ સિધ્ધ કરી લીધુ છે. ઉપરોક્ત પૈકી એક ભક્તરાજ સફરાઅલી મીર સાહેબની અહિં વાત કરવી છે.

સફરાઅલી મીર સાહેબ મુસ્લિમ હતા તેઓ વડોદરા રાજ્યના મુખ્ય સરસેનાધિપતિ હતા. તેમને કોઈ કારણ વસાત એવો રોગ લાગુ પડ્યો કે માથામાં સખત દુઃખાવો થાય અને નિંદ્રા આવે નહિ. આ રોગ ટાળવા તેમણે ઘણા-ઘણા ઉપાયો કર્યા પણ સારૂ થયું નહિ. પીર પેગંમ્બરોની માનતા કરી તો પણ શાંતિ થઈ નહિ. પછી જૂનાગઢનાં દાતારની માનતા માની યાત્રાએ ગયા અને ત્યાં ઘણા ઈલાજો કરી થોડા સમય માટે મોટા મોટા ફકીરોની સેવા કરી છતાં પોતાનો અનિંદ્રાનો રોગ ટળ્યો નહિ. વડોદરા પરત ફરતા માર્ગમાં ગઢડા ગામ આવ્યું. ત્યાં પોતાને નમાજ પઢવાનો સમય થતા ગામથી દૂર રાધાવાડીએ નમાજ પઢવા લાગ્યા અને થોડીજ વારમાં તે સ્થાનમાં તેમને નમાજ પઢતા પઢતા નિંદ્રા આવી ગઈ. વર્ષોથી જેની નિંદ્રા હરામ થઈ ગઈ હતી તે રોગ આ જગ્યામાં સહેલાઈથી નાબૂદ થઈ જવાથી બુદ્ધિમાન મીર સાહેબ વિચાર કરવા લાગ્યા કે કુરાનમાં એમ લખ્યું છે કે જ્યાં મોટા પુરુષો રહેતા હોય ત્યાં પીડા મટી જાય અને મનમાં શાંતિ થઈ જાય. માટે આ સ્થાનમાં જરૂર કોઈ મોટા પુરુષ રહેતા હશે, તેમ વિચારતા હતા ત્યાં ભગવાધારી સચ્ચિદાનંદ સ્વામીને જોઈને પૂછ્યું કે સ્વામીજી અહીં કોઈ મોટા પુરુષ રહે છે, ત્યારે સ્વામીએ કહ્યું આ ગઢપુર

ગામમાં સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન રહે છે. તે પ્રભુનાં ચરણકમળથી પવિત્ર થયેલું આ તીર્થસ્થાન છે, પછી મીર સાહેબ શ્રીસહજાનંદ સ્વામીના દર્શન કરવા માટે તૈયાર થઈ મેનામાં બેસી રવાના થયા. માર્ગમાં સંકલ્પ કરવા લાગ્યા કે આપણી કિતાબ (કુરાન)માં અલ્લાના અવતાર પૃથ્વી ઉપર થાય છે એમ લખ્યું નથી, તો પણ ઘણા હિંદુઓ સ્વામિનારાયણને ભગવાન કહે છે. જો તે પરમેશ્વર જ હોય તો પૂર્વ મુખે કામળા ઉપર આસનવાળી બેઠા હોય, મારું નામ લઈ મને બોલાવે અને ત્યાં પોતાની પાસે રીંગણા પડ્યા હોય તથા સુંદર દહીંનું ભરેલું પાત્ર મને આપે તો મારા મનના સર્વે સંશયો નાશ પામે. તો હું શ્રીસ્વામિનારાયણને ભગવાન માનું. આવા સંકલ્પ સાથે દાદાના દરબારમાં આવ્યા. નીચે ઉતરી શ્રીહરિના દર્શન કરવા ગયા ત્યાં પોતાના સંકલ્પ પ્રમાણે શ્રીહરિને બિરાજેલા જોઈ પ્રણામ કર્યા, પછી શ્રીહરિએ તેમનું નામ લઈ બોલાવ્યા તેમજ પાસે વતાંકનો ઢગલો ભાળ્યો અને મહારાજે તેમને ઐશ્વર્ય બતાવ્યું તે જોઈ તેઓ અતિ આનંદ પામ્યા. મીર સાહેબે શ્રીહરિને પૂછ્યું "આપને યવનો સિવાયના બીજા લોકો ભગવાન કહે છે તેમાં અમને સંદેહ થાય છે. કારણ અમારા કુરાન મુજબ ખુદા ક્યારેય પૃથ્વી ઉપર જન્મ ધરતા નથી. શ્રીહરિએ કહ્યું પ્રાણીઓના કલ્યાણ કરવા પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. ખુદા મનુષ્ય જેવા બને ત્યારે લોકો તેમની સેવા પૂજાથી સુખ પ્રાપ્ત કરે છે. ખુદા મહા તેજોમય યુક્ત પોતાના દિવ્ય સ્વરૂપે પ્રગટ થાય તો પ્રાણીઓને સુખ થાય નહિ. વગેરે ઘણી બધી શાસ્ત્ર સંમત વાત કહી. આ બધી વાતો મીર સાહેબે ખૂબ ધ્યાનથી સાંભળી. તે દરમ્યાન મીર સાહેબને સમાધિ કરાવી એટલે દિવ્ય મહાતેજમાં સિંહાસન ઉપર બેઠેલા મનમોહક ધર્મપુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાનને જોયા. શ્રીહરિને હાથજોડી સ્તુતિ કરતા પયગંબરોને જોયા. આવા દિવ્ય દર્શન કરી મીર સાહેબને ભગવાનપણાનો પાકો નિશ્ચય થઈ ગયો અને શ્રીહરિના ચરણમાં મસ્તક મુકી પ્રણામ કરવા લાગ્યા. ત્યારબાદ મીર સાહેબે પોતાની સોનાની મુઠવાળી કટાર અને તલવાર શ્રીજી મહારાજને ભેટ ધર્યા, મહારાજે પણ મીર સાહેબને પોતાની અમૂલ્ય પાઘ આપી. મીર સાહેબ સવાર-સાંજ આ પાઘનું પૂજન કર્યા બાદ બીજું કામ કરતા. ઉપરાંત મીર સાહેબે એક સુંદર મેના પણ શ્રીજી મહારાજને ભેટ મોકલેલી જે મેના ઉપર બેસી શ્રીજી મહારાજ ગઢપુરથી રાજકોટ સરમાલ્કમને દર્શન દેવા માટે પધાર્યા હતા. આમ મહારાજનો પરિપક્વ નિશ્ચય કરી પોતાનું આત્યંતિક કલ્યાણ સાધી લીધું.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજના પૂજારી તરીકે સ.ગુ. સ્વામી ભક્તિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મહંતશ્રી)ને નિયુક્ત કર્યા છે.**

**ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ.ગુ. સ્વામી અનિરૂદ્ધચરણદાસજી ગુરુ સ.ગુ. કોઠારી સ્વામી કૃષ્ણસેવાદાસજી (મૂળી)ને નિયુક્ત કર્યા છે.**

# શ્રીહરિએ દર્શાવેલું બ્રહ્મકર્મ અને બ્રાહ્મણત્વ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

"વેદો નારાયણઃ સાક્ષાત્" એવું આર્યશાસ્ત્રો વદે છે. વેદ અને પરમાત્માને બ્રહ્મની ઉપમા પણ આપવામાં આવી છે. યજુર્વેદમાં બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે બ્રાહ્મણોને આજ્ઞા આપવામાં આવી છે. જે વેદોના જ્ઞાતા છે, વેદ ભણાવી શકે છે, વેદાનુંસાર આચરણ કરે છે, બ્રહ્મવેતા છે એ બ્રાહ્મણો બ્રાહ્મણત્વ પામેલા છે. એવા બ્રાહ્મણોનો સંપર્ક, સત્સંગ, સમાગમ આદિ મનુષ્યને બ્રહ્મતેજ કે પરમાત્મા તેજ અર્પણ કરે છે.

આપણા સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન આજે પણ ઉચ્ચ સ્તરે રહેવા પામ્યું છે. સાંસારિક લગ્ન વિધિ કે મૃત્યુ બાદની વિધિ, ભૂમિ પૂજન, લક્ષ્મીપૂજન, દુકાન, મકાન, ફેકટરીના ઉદ્‌ઘાટન પ્રસંગોમાં પણ ભૂદેવોની આવશ્યકતા રહે છે. તેઓ આવા પ્રસંગોએ વેદ રૂચાઓ, યજ્ઞો આદિ દ્વારા કાર્ય પરિપૂર્ણ કરી આવે છે. પ્રસંગોપાત ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞ, દેવી પુરાણ, શિવપુરાણ, સત્સંગિ જીવન પારાયણ, વિષ્ણુયાગ આદિ સત્કર્મ અર્થે કર્મકાંડી, વેદશાસ્ત્રોના અભ્યાસી બ્રાહ્મણોને યજમાનો નિમંત્રતા હોય છે. આવા સમયે કથા સમયે કથાકાર, વક્તા ભૂદેવે બ્રહ્મચર્યાદિક નિયમોનું ચૂસ્ત પાલન કરવાનું રહે છે. દાઢી કરવાનો, નખ ઉતારવાનો નિષેધ છે.

બ્રાહ્મણોમાં પવિત્રતા, સત્ય, ત્યાગ, પરોપકારવૃત્તિ, સંતોષ, ક્ષમા, ધૈર્ય ધર્મ પાલન, વૈરાગ્ય વૃત્તિ આદિથી બ્રહ્મતેજ નીખરે છે શુભકર્મરૂપ ભૂદેવો જન્મથી પૂજનીય મનાય છે. શાસ્ત્રકારોના વર્ણનાનુંસાર બ્રાહ્મણનો દેહ મળવો અતિ દુર્લભ મનાય છે. વેદ સંબંધિત ક્રિયાઓ અનુસરતા બ્રાહ્મણોની અટક દ્વિવેદી, ત્રિવેદી કે ચતુર્વેદી એવી જાણવા મળે છે. સંતોષી બ્રાહ્મણોના શુભાશીર્વાદ ફળે છે. બ્રાહ્મણોના દેહપર લલાટે ત્રિપુંડ કે તિલક ખભા પર ધારણ કરેલી યજ્ઞોપવિત , શિર પર શિખા, ધોતિયું કે પીતાંબર, કંઠમાં દષ્ટિગોચર થતી તુલસીની કે રૂદ્રાક્ષની માળા, હાથમાં નામ જપાર્થે ગૌમુખીમાં માળા, પગમાં ચાખડી, છાતી પર ઓઢેલું ભગવાનના નામનું ઉપવસ્ત્ર આદિ બ્રાહ્મણત્વની નિશાનીઓ છે. શાસ્ત્રાનુંસાર આચાર, વિચાર અને ગૃહસ્થાશ્રમના પણ નિયમોનું ચૂસ્ત પાલન કરનાર બ્રાહ્મણોના શુભાશીર્વાદ ફળે છે. આવા બ્રાહ્મણો તીર્થસ્વરૂપ કહેતા જંગમતીર્થરૂપ મનાય છે. બ્રાહ્મણોને દાન પ્રદાન કરવાનો મહિમા અનેક ઘણો છે.

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી સંવત ૧૮૮૨ ના મહાસુદ-૫, વસંત પંચમીના રોજ વડતાલ મધ્યે લખી. જેમાં શ્લોક નંબર ૪૬, ૮૯, ૧૩૨, ૧૫૫, ૧૫૬, ૧૮૪, ૧૮૬, ૧૮૭ માં બ્રાહ્મણોના ધર્મ વિશે બ્રાહ્મણોના સત્કર્મ બાબતે, બ્રાહ્મણોએ પાળવાના નિયમો વિષે, બ્રાહ્મણોના કર્મકાંડ વિષે સુંદર આજ્ઞાઓનો નિર્દેશ કર્યો છે.

પોતાની કુળપરંપરાએ બ્રાહ્મણોને ત્રિપુંડ જે આડું તિલક કરવું તથા રૂદ્રાક્ષની માળા ધારવી એવું, વંશ પરંપરાગત જો ચાલ્યું આવતું હોય તો તે ચિન્હો છોડવાની કોઈ આવશ્યકતા નથી. નારાયણ અને શિવજીનું એકાત્મપણું જાણવા શ્રીહરિએ સ્વયં અનુરોધ કર્યો છે. કેમ જે તેઓશ્રી ખાસ વર્ણવે છે કે વેદને વિશે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે.

બ્રાહ્મણ વર્ણને શમ, દમ, ક્ષમા અને સંતોષ આદિક જે ગુણ તેમણે યુક્ત થવા અનુરોધ કર્યો છે. વિદ્યાર્થી ભણાવ્યાની શાળા બંધાવીને તેમાં વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિશે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવાની પણ શીખ શિક્ષાપત્રીમાં આપી છે. ધનાઢ્ય એવા ગૃહસ્થ સત્સંગીજનોને બ્રાહ્મણો દ્વારા અહિંસક યજ્ઞો કરાવવા તથા બ્રાહ્મણોને દાન દક્ષિણા પ્રદાન કરવા પણ શ્રીહરિએ અનુરોધ કરેલો છે. બ્રાહ્મણ વર્ણે કોઈપણ પ્રકારે ડુંગળી લસણ જેવા તામસી પદાર્થો ન ખાવા સૂચવ્યું છે.

સવિશેષમાં તો શિક્ષાપત્રીના ૧૮૭ માં શ્લોકમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને આલેખ્યું છે કે, "જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રી વિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલા વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ." આજે તો કાળના ખપ્પરમાં બ્રહ્મતેજ ઓસરતું જતું દશ્યમાન થાય છે. શાસ્ત્રોક્ત નિયમાવલિના બંધનોનો જેઓ લોપ કરતા રહે છે તેવા, બ્રાહ્મણો બ્રહ્મત્વ, બ્રહ્મતેજ ગુમાવી બેસે તે તો ઘણુ સ્વાભાવિક જ છે. તેમ છતાં સમગ્ર ભારત વર્ષમાં અનેક તીર્થ સ્થળોએ કેટલાક ત્યાગી સમર્થ સંતવર્યો, બ્રહ્મચારીઓ અને વેદાંતી બ્રાહ્મણોના દર્શન આપણા જીવાત્માને પાવન કરે છે.

Tejendraprasadji

# અમારો અંગત અભિપ્રાય

આપણે સૌ, નિજ મંદિરમાં સંપ્રદાયની પરંપરા અને ધારાધોરણ પ્રમાણે પ્રતિષ્ઠિત મૂર્તિઓમાં સર્વાવતારી સર્વોપરિ શ્રી હરિ સ્વયં અખંડ બિરાજમાન રહે છે તેમ દ્રઢ પણે જાણીએ અને માનીએ છીએ. આ પ્રકારની મૂર્તિઓમાં શ્રી હરિ હંમેશા પ્રગટ પ્રત્યક્ષ છે.

આજની પરિસ્થિતિમાં ઘણી જગ્યાએ આપણા મંદિરોમાં ઠાકોરજીની સન્મુખ અવનવા રંગોની લાઈટો (જે સામાન્ય રીતે લગ્ન જેવા પ્રસંગોમાં કે ડાંસ પાર્ટીઓમાં શોભે) ઝબકારા મારતી જોવા મળે છે. આવી લાઈટો સામે આપણે પણ બે ઘડી ઉભા રહીએ તો અનુભવ થાય કે તેની અસર આપણી આંખો અને મન ઉપર કેવી થાય છે.

ઠાકોરજીની મૂર્તિના દર્શન કરતાંજ મનમાં દિવ્ય શાંતિનો અનુભવ દરેક ઈચ્છે. ઠાકોરજી આગળ ફક્ત મૂર્તિના દર્શન (નબળી આંખોવાળાને પણ) સારી રીતે થાય તેવી જ સૌમ્ય રોશની હોવી જોઈએ.

મૂર્તિ આગળ વધુ પાવર વાળી લાઈટો વાતાવરણમાં પણ ગરમીનું પ્રમાણ વધારે છે. જે મૂર્તિમાં બિરાજમાન શ્રી હરિને પણ ક્યારેય ન રૂચે.

વૈષ્ણવ સેવા રીતિ પ્રમાણે આપણે ઠાકોરજીને લાડ લડાવીએ છીએ પણ કાગળના કે પ્લાસ્ટીકના ફૂલો, કલગીઓ, તોરણ વગેરે પણ અમારી દ્રષ્ટિએ મશ્કરીરૂપ છે. જો શક્ય હોય તો સાચા ફૂલનો ઉપયોગ કરવો નહિતર ઠાકોરજી ફૂલ વગર પણ રાજી રહેશે.

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Bagh
Memnagar, Ahmedabad - 380052 (INDIA)
Tel: 079 27478070 Cell : 98250 08448
Email : tejpande@yahoo.co.in
Shree Swaminarayan Museum (9-00 to 11-00am)
Naranpura, Ahmedabad - 380063
Tel: 079 2749 9597 Fax : 079 2741 9597

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

સંવત ૧૮૭૮ ના વરખે ફાગણ સુદ ૩ દને આ દેહ શ્રી અમદાવાદ મધે શ્રી નરનારાયણદેવની સેવામાં લી. ખાચર ઊનડ એભલ રેવાશી ગામ ગઢડાના જત ગામ સુખપર તાલુકે કરીઆણા મુલગરી તાબાના ખાચર ઓઢા દેશાના તથા દેશાના તથા ઊનડ દેશાના તથા રાણા દેશાના તથા મોજી દેશાનાએ અમારા ઘરે ઘરણે લખી આપેલ છે તે ગામનાં ખત તથા જાતે લેણા રૂપૈયા તથા ધરતી સાંતી ૪ ની તથા વાડી કોશ ૨ ની તથા ભાગ ચોથો અજીફાનો ખરાજાત કાઢતાં ખેતરવાડી વગેરે અજીફો એ જ રીતે અમે વૈવટ કરીને ખાતા તે પરમાણે શ્રી નરનારાણદેવની સેવાના ખરચમાં ધરમાદા શ્રી કરશનારયણ આપુ છે ને જીયાં સુધી રૂપૈયા લેણા હોએ તીઆ સુધી વૈવટ કરી ઊપજ સરવે શ્રી અમદાવાદ લાવી મંદિરના ખરચમાં વાવરે ને જારે મુલ ગામેતી ગામ મુકાવી રૂપૈઆ આપે તે પણ સદરના શ્રી કરશનારયણ છે ને અમને એ ગામનું લખત કરી આપેલ છે તે પણ શ્રી નરનારાઅણને મંદર આપું છે આ લખત અમો અમારી અકલહુંશીઆરી રાજીરજાવંતથી લખી આપું તે શહી છે.

અત્ર મતુ ખાચર ઊનડ એભલ
શ્રી ગઢડાવાલાનું મતુ ઊપર લિખુ
તે શહી છે



અતર શાખ
૧. શ્રી જગદીશની શાખ
૧. ખાચર ભૂરા ડોશા ગામ નાગડકાવાલાની શાખ
૧. ખાચર સોમલા ગોદડના ગામ બોટાદવાલાની શાખ
૧. ખાચર વશતા જૈહતા ગામ કારીઆણીવાલાની શાખ
૧. ચુડાસમા પુજાજી બુટાજી ગામ ધોલેરાવાળાની શાખ
૧. દસ્તાવીજ કુરજી રામજી ગામ ગઢડાવાલાની શાખ

મહામુક્ત દાદા ખાચરની સહીવાળો અને અગ્રગણ્ય હરિભક્તોની સાક્ષીઓમાં સહીઓ વાળો આ પત્ર શ્રીજીમહારાજની પ્રસાદીનો છે. અતિ કલ્યાણકારી આ પત્રના હસ્તાક્ષરના સર્વેને દર્શન થાય તે હેતુથી તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં રાખવામાં આવેલ છે. સર્વે હરિભક્તો તેના જરૂરથી દર્શન કરજ્યો.


**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**












નૂતન વર્ષના આપણા દેશ- વિદેશના
શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં ઠાકોરજીના
અન્નકૂટ દર્શન
નારાયણઘાટ, એટલાન્ટા, હ્યુસ્ટન, ટોરન્ટો કેનેડા,
એડમિન્ટોન-કેનેડા, ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ, લેસ્ટર,
ડેટ્રોઈટ, કલિવલેન્ડ, અને શિકાગો મંદિરમાં તુલસી
વિવાહ, માણસા, દહેગામ.





અમદાવાદ મંદિરમાં નૂતન વર્ષના ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજના ૧૨૭માં પોટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે બ્ર.રાજેશ્વરાનંદજી સ્વામી અને અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



## દિવાળી પ્રસંગે આપણા કાલુપુર મંદિરમાં વિવિધ દર્શન















દિવાળીના શુભ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સમૂહ
શારદા પૂજન - ચોપડા પૂજન કરતાં પ.પૂ. આચાર્ય
મહારાજશ્રી સાથે પૂ. મહંત સ્વામી અને બ્ર.સ્વામી
રાજેશ્વરાનંદજી આદિ સંતો



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - નવેમ્બર-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૧,૦૬,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના અ.નિ. સ.ગુ. સ્વામી ત્રિકમચરણદાસજી ગુરુ અ.નિ. સ્વામી નારણપ્રસાદદાસજીના હેતરૂચિવાળા હરિભક્તો તરફથી હ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી |
| રૂા. ૫૦,૧૦૦/- | પ્રિતેશ પરમાર - કેનેડા |
| રૂા. ૨૫,૦૦૦/- | પ.પૂ.મોટા મહારાજશ્રી તરફથી હ. વિનોદભાઈ - અમદાવાદ |
| રૂા. ૨૧,૦૦૦/- | અરવિંદભાઈ ગોસલીયા - અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે.પટેલ - અમદાવાદ |
| રૂા. ૫૦૦૧/- | મહેન્દ્રભાઈ નગીનદાસ ભાવસાર, ચાંદખેડા |
| રૂા. ૫૦૦૧/- | ઉમેદભાઈ રવજીભાઈ રાઠોડ હ. સંદિપ તથા વિજયભાઈ - ઈસનપુર |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ મુકુંદભાઈ એ. અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | પટેલ નારાયણભાઈ ગોકળભાઈ હ.ધવલભાઈ તથા પિનાકીનભાઈ - સાપાવાડા |
| રૂા. ૫૦૦૦/- | કમલેશભાઈ એચ.શાહ |
| રૂા. ૫૦૦૦/- | ઘનશ્યામએન્જીનીયરીંગ હ. મીનાબેન - બોપલ |
| રૂા. ૫૦૦૦/- | પ્રકાશ કાળીદાસ - ડાંગરવા |

**સૂચના :** શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - નવેમ્બર-૨૦૧૩

| | |
|---|---|
| તા. ૫/૧૧/૧૩ | (સવારે) ડૉ. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ - સાપાવાડા |
| તા. ૫/૧૧/૧૩ | (સાંજે) ઘનશ્યામભાઈ તથા હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ પરિવાર હ. ચંપાબેન - સેટેલાઈટ |
| તા. ૭/૧૧/૧૩ | મંગુબેન પ્રહલાદભાઈ પટેલ હ. ઘનશ્યામતથા અર્પિત - જીવરાજપાર્ક |
| તા. ૯/૧૧/૧૩ | કાન્તિલાલ ચુનીલાલ ઠક્કર હ. ધવલભાઈ, અમદાવાદ |
| તા. ૧૦/૧૧/૧૩ | (સવારે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ હ. રંજનબા તથા નાનીબા - વિરાટનગર |
| | (બપોરે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ હ. સા.યો.મંજુબા તથા ભારતીબા - કાલુપુર હવેલી |
| | (સાંજે) સેમીટ્રોનિકસ પરિવાર હ. જગદીશભાઈ જે. શાહ - આંબાવાડી |
| તા. ૧૩/૧૧/૧૩ | અ.નિ.સાં.યો. પ્રેમબાઈ હ. સાં.યો.સુંદરબા - સુખપર. |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ઓળખ્યા વિના અધુરૂં

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને સાત વરસ સુધી વનવિચરણ કર્યું. એ વનવિચરણના છેલ્લા દિવસોમાં તીર્થયાત્રા કરતાં કરતાં શ્રીહરિ હરિઈચ્છાએ ફરતા ફરતા બુધેજ આવેલા. પોતાની ઈચ્છાથી જ કોઈ આમંત્રણ ન હતું. પણ યાત્રામાં નીકળેલાને બુધેજ ગામ આવ્યું. ત્યાં પરમાત્મા નીલકંઠવર્ણી આવી પહોંચ્યા. ભગવાને કાળિયાર મૃગનું ચામડું શરીર ઉપર ધારણ કરેલું છે. તપથી અત્યંત કૃશ શરીર છે. પરમાત્માએ તપશ્ચર્યાથી શરીરમાં જેટલું લોહી અને માંસ એ બધું સુકવી નાંખેલું. ફક્ત હાડકાં અને ચામડી રહેલી. પ્રભુની ઉંમર કેટલી ? ઓગણીસમું વરસ બેઠેલું. ભગવાનની પાસે કોઈ સંગ્રહ નથી એટલા માટે વર્ણવ્યુ છે કે વર્ણીરાજને ચિંતા થઈ કે શાલીગ્રામને આજે થાળ ધરવાની કોઈ વ્યવસ્થા થઈ નથી. બપોર થઈ ગયા છે. ગામની ભાગોળે પૂછ્યું અહીં ક્યાંય સદાવ્રત છે ? ત્યારે ભાગોળમાં બેઠેલા કોઈએ કહ્યું. એ સામે ચાલ્યા જાઓ. અમારે ખોડાભાઈ દરબાર એ સદાવ્રત ચલાવે છે. ત્યાં તમને મળી રહેશે. અને વર્ણીરાજ પોતે પણ ખૂબ ભૂખ્યાં હતાં. પણ ચિંતા ઠાકોરજીની છે કે આજે થાળ થયો નથી. પ્રભુ સીધા ખોડાભાઈના ઘેર પહોંચ્યા. ખોડાભાઈ પોતે ઘરમાં હાજર નહીં. એમના માતુશ્રી ઓસરીમાં બેઠેલા. સાધુ-બાવા, સન્યાસી-મહાત્મા, પરમહંસ એમને ઘેર આવ્યા જ કરતાંતા એટલે માજીને કાંઈ એકદમ દૃષ્ટિ ખેંચાણી નહીં. આવે. એ તો સદાવ્રત આપીએ છીએ એટલે બધાય લેવા આવે. સદાવ્રત લેવા જોગી આવે, જતી આવે, મહાત્મા આવે એ બધા આવે એટલે આ પણ એક મહાત્મા આવ્યા. માજીએ લક્ષ્ય આપ્યું નહીં. ઘણી ઉંમર વીતી ગયેલી એવા આ ડોશીમાએ કાચલી ભરી અને જુવારની એ કાચલી કોથળામાંથી કાઢી ઉંચી કરીને કહ્યું કે લઈ જાઓ. કોથળામાં પડેલી એ જુવાર કેવી હશે !! જાણો છો ? સાંભળવા જેવી વાત છે. આ જુવાર એવી સાવ ગંદી, ખાણમાંથી કાઢેલી, ઉબ વળી ગયેલી, કાળી પડી ગયેલી જેને જોવીએ ન ગમે એવી હતી.

સૌરાષ્ટ્રમાં જૂના જમાનામાં જુવાર વધુ થતી. અને એ જુવારને જમીનમાં ઉંડો ખાડો ખોદીને એમાં મુકી રાખતા. ઢાંકી દેતા. જુવાર એવું અનાજ છે કે જલ્દી સડે નહીં. જમીનમાં સંગ્રહ કરી રાખતા કે ભવિષ્યમાં ક્યાંય દુષ્કાળ આવે તો એ જુવાર કામ લાગે. પણ જે જુવાર ખાણમાં બહુ સમય રાખી હોય એટલે ઉબ વળી જાય. જમીનમાં ભેજના કારણે સ્વાદમાં ખોરી થઈ જાય. જોવી ન ગમે એવી અને એમાંથી વાસ આવ્યા કરે. આવી જુવારની કાચલી ભરી અને માજીએ ઉંચી કરી. લ્યો બાવા લઈ જાવ. વર્ણીરાજ ઉભા રહ્યાં. બાવા ઉભો છે શું લૈજા જુવાર લૈજા. લો બાવા તો જોયા કરે છે. પ્રભુ જોયા કરે છે આ ડોશીમાં મારૂં માનશે ? કારણ કે બીજાને મનાવવા સરળ છે પણ માજીને માનાવવા બહુ કઠણ હોય છે. આ ડોશીમા મને ઓળખશે ? મારૂ માનશે ? શું થશે ? એટલે પ્રભુ કહે છે કે હે સદ્બુદ્ધિવાળા ! અમારી પાસે શાલીગ્રામ છે. એ જે હોય તે, મારે ક્યાં પડી છે. તમારી પાસે શાલીગ્રામ હોય કે સોનાગ્રામ હોય, અમારે કોઈ જરૂર નથી. મારે જાણવાની કોઈ જરૂર નથી. લો આ જુવાર અને હેડંતા થાવ. આ વર્ણી બોલ્યા. ભાઈ ! મારી વાત તો સાંભળો. અમારી પાસે શાલીગ્રામ છે ને શાલીગ્રામને કંઈક નૈવેદ્ય ધરવું જોઈએ. જુવાર લઈ જઈને અમે શું કરીએ ! ક્યાં દળાવવા જવું ! એટલે તમારી પાસે જો કંઈક તૈયાર ભોજન હોય કે રોટલાનો કકડો હોય તો આપો. હું શાલીગ્રામને નૈવેદ્ય ધરી દઉં. ના, બાવાઓને ઘરમાં કંઈ બહુ પેહાડાય નહી. એ તો આજે રોટલો માગે કાલે લાડુ માંગે. એટલે કહે છે - રોટલો બોટલો કંઈ નથી હેંડતા થાઓ. જુવાર લેવી હોય તો લૈ જાવ.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે એમ કરો. રોટલો ન હોય તો કાંઈ નહીં, લોટ છે કે નહીં ઘરમાં ? થોડો લોટ આપો તો હું બાટી બનાવીને શાલીગ્રામને ધરી દઉં. ના, લોટેય નથી. બાવાની આગળ કાંઈ પીગળવાનું હોય ! લેવો હોય તો લો નહીં તો ચાલતા થાવ. અને એમ લોટ જોઈતા હોય, રોટલા જોઈતા હોય તો સાધુ હું કામ થાવ છો ? તમતમારે રોજ રોટલા બનાવીને જમાડે જો સાધુ ન થાય તો !! એક તો બાવા થયા છે અને પછી કહે છે રોટલો લાવો, લોટ લાવો. બધાને અમે આ જુવાર

આપીએ છીએ. માજી મોટું ભાષ્ય વિવેચન કરવા માંડ્યા. પણ ચપટી લોટ આપવા તૈયાર ન થયા. ત્રીજી વાર વર્ણીરાજ બોલ્યા. અમે તમારે ઘેર આવ્યા છીએ થોડો લોટ તો આપો. તમે અમારા જેવા બાવા નહીં જોયા હોય. ઓહ! તમે એટલે કોણ ? બાવા તારા કરતા ઉંચા જાડા કેટલાય બાવા અહીં આવી જાય છે. તું તો દુબળો પાતળો છે. તારા કરતાં મોટા પાંચ હાથ ઉંચા અને શક્તિશાળી બાવાઓ બધા અહીં આવે છે અને આ જુવાર લઈને જાય છે. તને એકવાર તો કહ્યું બાવા, લેવી હોય તો લે નહીં તો રસ્તો પકડ.

પ્રભુને વિચાર થયો. આ બરફ પીગળે એવો નથી. ભગવાન આવ્યાંતા કલ્યાણ કરવા, સુખ આપવા આવ્યા હતા. ખોડાભાઈ પોતે કોઈ સમૃદ્ધિ વાળા નહોતા. થોડી ઘણી ખેતી હતી પણ એક સદ્‌ભાવથી સારા હેતુથી સૌને સદાવ્રત આપતા હતા. એ એક પવિત્ર કાર્ય છે. એમ માનીને આ સદાવ્રત ચલાવતા હતા. ભગવાનને એમ થયું કે સ્વાર્થ વગર આ એક પુણ્યનું કામ કરે છે. અમે એના ઘેર જઈને જો થોડુંક અનાજ અમને મળે તો એમને ત્યાં જય જયકાર કરી દઈએ. આવી ભાવના લઈને ભગવાન આવેલા. સુખ આપવા, સમૃદ્ધિ આપવા આવેલા પણ માજીના વિચારો કેવા !! ‘‘આવા તો કેટલાંય બાવા આવે છે.’’ માજી આ બાવાને ઓળખી ન શક્યાં. ભગવાન સુખ આપવા આવ્યા. પણ ખોડાભાઈના માતુશ્રી ક્યાંથી સમજી શકે ! પ્રભુ વિચાર કરે છે. હવે અમે તો આપવા આવ્યાતા. આપ્યા સિવાય પાછા કેમ જઈએ ! અને સ્વામિનારાયણ ભગવાને આ જુવાર લીધી. લઈને પ્રભુ ઓટલા પાસે નાનકડો લીમડો હતો. લીમડા પાસે ઉભા રહી અને એ જુવારમાંથી ફક્ત બે દાણા મુખમાં મુકે છે. મુખમાં મુકીને ચાવી ગયા. બાકીની જુવાર ચોકમાં પક્ષીઓ ઉડતાં હતા. કબુતરા એને આપી દીધી. કબુતરાં ખુશ થઈને ખાવા માંડ્યા.માજીને એમ થયું. આ બાવો ખરો નીકળ્યો. કાચલી જુવાર બગાડી. પક્ષીને નાંખીને ચાલતો થયો. બાવો થયો છે. આંટી વાળો છે. નથી લેવું એટલે નથી જ લેવું. તો લીધીય ખરીને ઢોળીને જતો રહ્યો. માજીને ક્યાંથી ખબર બાવાઓની આંટીઓ કેવી હોય છે. આ બાવાએ તો એવી આંટી રાખી કે મારે આમને આપવું છે. એ આંટીથી આવ્યા હતા. ભગવાન સંકલ્પ કરીને આવે ને આપવું છે તો પછી આપે છે. તમારા સ્વભાવ પછી ગમે તેવા હોય. ઈશ્વર જોવા ન બેસે. મારે એને આપવું છે એટલે આપવું છે. ખોડા ભાઈને ત્યાં ભલે માજીએ મને રોટલો તો ન આપ્યો, એણે લોટ પણ ન આપ્યો છતાં જો સંકલ્પ કર્યો હતો. એનું હિત કરવું છે એટલે મહારાજે બે દાણા મુખમાં મુકી અને સંકલ્પ કર્યો જાવ સુખી થાવ.

લક્ષ્મીજી પરમાત્માની શક્તિ છે. એમના દાસી છે. ભગવાન સંકલ્પ કરે કે આ ભાઈ સુખી થાય તો લક્ષ્મીજી એના ઘર તરફ દૃષ્ટિ કરે. બધું ઉભરાવવા માંડે. રિધ્ધિ-સિધ્ધિ, સમૃદ્ધિ જ્યાં હાથ નાંખે ત્યાં સોના મહોરો આવી જાય. સ્વામિનારાયણ ભગવાન, વર્ણીરાજ વેશે ભૂખ્યા ભૂખ્યા, શાલીગ્રામનું નૈવેદ્ય પણ આજે થયું નથી, ચાલી નીકળ્યા. ગામની ભાગોળે બહેનો પાણી ભરતાંતા, ઘડા કૂવામાંથી ખેંચતા જાય છે. બીજા માટલાં ભરતા જાય. વર્ણીરાજ કૂવા કિનારે પહોંચ્યા. બહેનોને કહ્યું ઉભા રહો. અમારે પાણી ભરવું છે. તમારા આ બધા ઘડાના છાંટા ઉડે છે. જરા ઉભા રહો. બહેનો પણ એવા. ઓહોહો. પાણી અમે આપીએ લે ને. ના, તમારા ઘડાનું પાણી નથી જોઈતું. અમે ભરી લઈશું. જરા ઉભા રહો. બે-ચાર બહેનો ઉભા રહ્યાં. વર્ણીરાજે કૂવામાં હાથ લંબાવ્યો. કોણ જાણે કેવો પ્રતાપ પ્રભાવ બતાવ્યો. કમંડલું માં આપોઆપ પાણી ભરાઈ ગયું. પાણી ગાળીને શાલીગ્રામને અર્પણ કર્યું. સ્વયં જળપાન કર્યું. અને ચાલી નીકળ્યા. બહેનો વાતો કરવા માંડી. ગામમાં એક બાવો આવ્યો હતો. જુવાનીયો, મૂછનો દોરો હજુ ફૂટતો હતો. બિચારો નાનપણમાં સાધુ થઈ ગયેલો પણ બહુ પ્રભાવશાળી, બહુ ચમત્કારી કૂવામાં હાથ લંબાવ્યો ને એનું કમંડલું પાણીથી ભરાઈ ગયું. ત્યાં આ માજી કહે છે - કેવડો હતો ? તો બહેનોએ અંદાજ આપ્યો. આવડો હતો. માજી કહે છે બહુ રૂપાળો હતો ને ? હા, બહુ રૂપાળો. સાવ દૂબળો. એવી સરસ આંખો હતી. માથે એવી જટા અંબોડો વાળેલો જટાનો - ‘‘માથે મંજુલ ચીકણા ચળકતા ભૂરા ભલા કેશ છે.’’ બહુ રૂપાળો બાવો હતો. ડોશીમાને એમ થયું - એ બાવો તો મારે ઘેર થઈને જ ગયેલો એજ. ત્યાં ખોડાભાઈ આવ્યા. બાવાની વાત થઈ. એટલે એ બાવા કઈ બાજુ ગયા તેમને બોલાવવા ખોડાભાઈએ એ દિશામાં ઘોડી દોડાવી. પણ વર્ણીરાજ હાથમાં ન આવ્યા.

એટલે જ કહ્યું છે કે વિતેલો સમય, છુટેલું બાણ, જીભમાંથી નીકળેલા શબ્દો, ગુમાવેલી તક એ ફરીથી મળતી નથી. માટે સાવધાન થઈને ભગવાનની ભક્તિ કરવી. ભગવાન તો દયાળુ છે. એમનો સંકલ્પ જીવનનું કલ્યાણ કરવાનું એ પુરો કરવાના જ છે. પરંતુ આપણે જો

અનુ. પેજ નં. ૩૦ ઉપર

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**

**"આપણે બે દિવસના મુસાફર"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે આ પૃથ્વી પર શા માટે આવ્યા છીએ ? હરવા ફરવા, ખાવા, અને મોજ-મજા કરવા બરાબર ને ! આ માટે આપણને ભગવાને મનુષ્ય શરીર આપ્યુ છે ને ? આ પૃથ્વી પર મોકલ્યા છે ને ? 'ના' તો તમે બધા ના પાડો છો તો આ પૃથ્વી પર સમસ્ત જીવ માત્ર એ ભગવાનની રચના છે. આપણે આ બધા જીવો સાથે સંપીને હળી-મળીને રહેવું જોઈએ. કેમ કે, બધાના સ્વભાવ જુદાં જુદાં હોય છે. તો બધાની સાથે હળી મળીને રહીશું અને બધાને સમજતા શીખીશું તો જ સાચી શાંતિ મળશે. આપણને સામેની વ્યક્તિના અવગુણ તરત દેખાઈ આવે છે. પરિણામે રાગ-દ્વેષ આ બધું થઈ જાય છે. આપણા ઘેર બે દિવસ મહેમાન આવે છે તો આપણે એવું વિચારીએ છીએ કે બે દિવસ માટે આવ્યા છે ને એમ માનીને સાચવીએ છીએ અને આપણે બે દિવસ કોઈના ત્યાં મહેમાન બનીને જઈએ છીએ તો સંયમી બનીને રહીએ છીએ ને ? તે રીતે આપણે આ જગતમાં મુસાફર બનીને આવ્યા છીએ તેમ વિચારવાનું અને એવી ભાવના રાખવી કે જગતના બધા માણસો સાથે આપણે માત્ર અમુક જ દિવસો અહીંયા રહેવાનું છે. માટે દરેકની સાથે સંયમી બનીને રહેવું. સંયમી જીવન એ જ સાચી ભક્તિ છે. હમેંશા પરોપકારની ભાવના રાખવી. પરદુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી રહેવું. કેમ કે મનુષ્યના જીવનમાં કેવું છે. ૪૦ વર્ષ સુધી સરવાળો થયા કરે, ૨૫ વર્ષ સુધી ભણે એટલે જ્ઞાન ઉમેરાય. પછી પૈસા કમાય એટલે ધન ઉમેરાય પછી પરણે એટલે પત્ની ઉમેરાય પછી છોકરા ઉમેરાય. આમ સરવાળો થયા કરે. પછી ૪૦ થી ૫૦ વર્ષમાં ગુણાકાર થાય એટલે ૨૫ થી ૫૦ વર્ષ સુધી સંપત્તિ મેળવવા માટે મહેનત કરી હોય એટલે સંપત્તિનો વધારો થાય એટલે સંપત્તિનો ગુણાકાર થયો. પછી છોકરાની વહુ આવે અને એના છોકરા થાય એટલે તેનો પણ ગુણાકાર થાય અને પછી ૫૦ થી ૬૦ વર્ષની અંદર બાદબાકી થયા કરે. સંપત્તિના ભાગ પડે. છોકરાઓ જુદાં થાય તેને બાદબાકી કહેવાય અને ૬૦ પછી ભાગાકાર થાય એટલે માણસની વૃધ્ધાવસ્થા આવે એટલે સ્વાર્થના સંબંધો હોય તે છૂટી જાય છે. એટલે માણસ સાવ એકલો પડી જાય છે. અને માણસને પાછળની જીંદગીમાં ઘણી તકલીફ પડતી હોય છે. અને માણસ પાછલી ઉંમરે જ્યારે મગજ પણ ઘસાઈ ગયું હોય ત્યારે ભક્તિ કરવા બેસે તો તેના મગજમાં જલ્દીથી કાંઈ ઉતરતું નથી. અને ભક્તિમાં પણ રસ પડતો નથી. અને પરિણામે અંત સમયે પરમાત્મા યાદ આવતા નથી. તો આપણે આના ઉપાયરૂપે શું કરવાનું. તો પ્રથમથી જ બધું સરખું રાખવાનું. એટલે બીજાના સુખનો સરવાળો કરવો એટલે બીજાને આપણા તરફથી વધુ ને વધુ સુખ આપવાના પ્રત્યન કરવાનો અને આપણા સ્વાર્થની બાદબાકી કરવાની. એટલે બીજાના સંબંધો સાથે પોતાનો સ્વાર્થ ભાવ નહિ રાખવાનો. આપણો સ્વાર્થ છોડીને બીજાનું હિત કરવાનું બીજાને સુખ આપવાનું અને આધ્યાત્મિક ધર્મ-ભજન ભક્તિનો નાનપણથી જ ગુણાકાર કરવાના પ્રયાસ કરવો. નાનપણથી જ જેટલું શક્ય હોય તેટલું અધ્યાત્મમાં જોડાઈ રહેવું. જેથી કરીને વૃધ્ધાવસ્થામાં માણસ એકલો પડી જાય ત્યારે તેનું મન ભગવાનમાં જોડાય અને પરિણામે તેનો અંતકાળ પણ સુધરી જાય. અને આખી જીંદગી આપણા અહમ્‌નો ભાગાકાર કરતા રહેવું. એટલે બીજાની સાથે અહમ્‌થી નહિ પણ નમ્રતાથી વર્તે તો માણસની પાછળની જીંદગીમાં વાંધો નથી આવતો. માટે આપણે કાયમ પ્રથમથી જ એવી ભાવના રાખવી કે આપણે માત્ર અમુક જ દિવસો માટે જ આ જગતમાં રહેવાનું છે. અને જીવનમાં સુખ કે દુઃખનો સમય એ કાયમી નથી.

એક રાજા હતો. એકવાર તેની પાસે એક મહાત્મા આવ્યા. તે રાજા ધાર્મિક હોય છે. એટલે મહાત્માનું સ્વાગત કરે છે. રાજા પર મહાત્મા ખુશ થઈને આશીર્વાદ રૂપે એક તાવીજ આપે છે. અને કહે છે કે તમે જ્યારે દુઃખમાં હોય ત્યારે તમારે એક નંબરની સૂચના વાંચવાની અને સુખમાં હો ત્યારે બીજા નંબરની પાછળની સૂચના વાંચવી. થોડા સમય બાદ તે રાજા ઉપર એક વખત ચડાઈ થાય છે. અને તે હારી જાય છે. અને દુઃખી થાય છે. ત્યારે એક નંબરની સૂચના વાંચે છે. તો તેમાં લખેલું હતુ કે આ સમય પણ પસાર થઈ જશે. તો રાજાને થોડી હિંમત આવે છે કે આ સમય પસાર થઈ

જશે. પછી થોડા સમય પછી રાજા જીતી જાય છે અને રાજગાદી પાછી મળી જાય છે. અને સુખમાં આવી જાય છે. તો બીજા નંબરની સૂચના વાંચે છે. તો તેમાં પણ લખેલું હતુ કે આ સમય પણ પસાર થઈ જશે. ત્યારે રાજાને મહાત્માનું ગૂઢ રહસ્ય સમજાયું કે જીવનમાં સુખ કે દુઃખનો સમય એ કાયમી નથી. માટે ગમે તે પરિસ્થિતિમાં સમભાવમાં રહેવાનું અને સુખ કે દુઃખ જે મળ્યું છે તે મારા ભગવાનનો પ્રસાદ છે તેમ માની તેનો સ્વીકાર કરવો અને છતાં પણ મન ન માને ને એમ લાગ્યા કરે કે મારા જીવનમાં આવુ દુઃખ કેમ આવ્યું તો ભગવાન પાસે બેસીને એમ કહેવું કે આપે જે સુખ આપ્યું તે આપનું આપેલું હતું અને દુઃખ આપ્યું તે પણ આપનું આપેલું છે. એમાં મારું કાંઈ નથી. જે મેં ગુમાવ્યું છે. એમ પ્રાર્થના કરીને સંતોષ માનવો.

●

## નિષ્કામ વ્રત પાલન

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આદ્ય શંકરાચાર્ય મહારાજે કહ્યું છે કે, ‘‘આ જગતમાં સૌથી ઉત્તમ આભૂષણ ચારિત્ર્ય છે.’’ ચારિત્ર્ય જ માનવીની સર્વ શ્રેષ્ઠ મૂડી છે. ચારિત્ર્ય વગરનું જીવન સુગંધ વગરની અગરબત્તી જેવું છે. જેનું ચારિત્ર્ય નબળું છે તે નિર્બળ છોડ જેવા છે. સામાન્ય પવનના ઝપાટે તે ઝુકી જઈને નાશ પામી જાય છે. કોઈપણ ધર્મ સંપ્રદાયનો પાયો જો ચારિત્ર્ય ઉપર આધારિત હશે તો જ તે ધર્મ-સંપ્રદાય ટકી શકે છે. નહિતર તે કાળના મુખમાં ઈતિહાસની એક ઘટના બની જાય છે. કોઈપણ વ્યક્તિ, પરિવાર, સંસ્થા, ધર્મ-સંપ્રદાયોમાં નિષ્કામ વ્રત પાલન એ અનિવાર્ય જરૂરિયાત છે. ‘‘જર, જમીન અને જોરૂં (સ્ત્રી) એ ત્રણેય કજીયાનાં છોરૂં.’’

ચારિત્ર્ય સંરક્ષણ માટે નિષ્કામ વ્રત પાલન જરૂરી છે. નિષ્કામ વ્રત પાલન એટલે નિસ-નહિ અને કામ-વાસના, વિકાર અને માયિક ઈચ્છા. આમ નિષ્કામ એટલે માયિક ઈચ્છાઓનો ત્યાગ કરવો. વાસનાનો ત્યાગ કરવો એ અંગેના નિયમોનું પાલન એટલે જ નિષ્કામ વ્રત પાલન.

અન્ય ધર્મસંપ્રદાયોની તુલનાએ શ્રી સ્વામિનારાયણ ભગવાને નિષ્કામ વ્રત પાલન બાબત ખૂબજ કડકાઈ ભર્યો આગ્રહ રાખેલો છે. અને તેનો અમલ કરાવ્યો છે. સંપ્રદાયની ધર્મધુરા સંભાળતા પહેલા જ નિષ્કામ વ્રતના આગ્રહી શ્રીનીલકંઠ વર્ણીએ પ્રથમથી જ લોજની આશ્રમની દિવાલમાં પડોશમાંથી દેવતા લેવા માટેનો ગોખલો પુરાવીને તેમજ ત્યાગીની જગ્યામાં સ્ત્રીઓને આવવા જવાનો માર્ગ બંધ કરાવી ‘‘નિષ્કામી વ્રત પાલન’’ના મહત્વને પ્રસ્થાપિત કરાવ્યું હતું. સ્ત્રી પુરુષોની સભા અલગ કરાવી. શ્રીહરિએ સૌને સમજાવ્યું છે કે, ‘‘સામાન્ય રીતે સ્ત્રીને બુદ્ધિભ્રષ્ટ થવા માટે પુરુષ જવાબદાર છે. જ્યારે પુરુષને બુદ્ધિભ્રષ્ટ થવા માટે સ્ત્રી જવાબદાર હોય છે. ઘી અને અગ્નિનો સંબંધ થવાથી જેમ અગ્નિ વિશેષરૂપે પ્રજવલ્લિત થાય છે. તે રીતે પુરુષનો સંબંધ પણ કામાગ્નિ બનીને બંનેને બાળી નાખે છે. અર્થાત્ ધર્મથી ચલિત કરે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ભાઈઓ અને બહેનો માટે અલાયદા મંદિરોનાં નિર્માણ કરવાની આજ્ઞા કરેલી છે. તેમજ શિખરબંધ મંદિરોમાં બહેનો માટે દર્શન કરવાની અલગ વ્યવસ્થા હોય છે. તથા મંદિરોમાં દર્શન કરવા માટે આવવા, જવાના ભાઈઓ અને બહેનો માટેના અલગ અલગ માર્ગ હોય છે. ભક્તિ કરતી વખતે કે જ્ઞાનનું રસપાન કરતી વખતે સભા મંડપોમાં ભાઈઓ-બહેનો પરસ્પર સંસર્ગમાં ખેંચાઈને મનોવિકારનો ભોગ ન બને તે માટે શ્રીહરિએ ભાઈઓ-બહેનોની અલગ સભાઓ કરવા જણાવેલ છે. તેમજ મોટા ઉત્સવો દરમ્યાન પણ સભામાં ભાઈઓ-બહેનોની બેસવા માટેની અલગ અલગ વ્યવસ્થા રાખવામાં આવે છે. જેના કારણે નિષ્કામ વ્રતનો ભંગ ન થાય. નિષ્કામ વ્રતના પાલન વ્યવસ્થા વિરૂદ્ધ વર્તન દર્શાવનાર વાલબાઈ અને હરબાઈ નામની બે મહિલાઓને શ્રીહરિએ પોતાની હયાતિમાં જ સત્સંગથી વિમુખ કરીને નિષ્કામ વ્રત પાલન બાબત પોતાનો દ્રઢ આગ્રહને જાહેર કર્યો હતો. શ્રીહરિએ બ્રહ્મચર્ય વ્રત પાલન કરવાની આજ્ઞા કરેલી છે. સાધુ પુરુષો અને ત્યાગી મહિલાઓને પણ એક બીજાના સ્થાનમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકીને શ્રીહરિએ નિષ્કામ વ્રત પાલન બાબતની પોતાની દ્રઢતા જાહેર કરેલી છે.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરેલી છે કે પોતાની માતા, બહેન અને પુત્રી સાથે એકાંતમાં ન રહેવું. કેટલો બધો સૂક્ષ્મ દ્રષ્ટિકોણ રાખીને શ્રીહરિએ નિષ્કામ વ્રત પાલન બાબત સૌને દ્રઢતા કેળવવા અનુરોધ કરેલો છે. નિષ્કામ વ્રતનો સૂક્ષ્મ રીતે પાલન કરવા માટે શ્રીહરિએ કહ્યું છે કે સ્ત્રી-પુરુષ ગમે તેવાં ભગવદ્ પરાયણ ભક્ત હોય તો પણ તેમનું વિશેષ મહત્વ મહાત્મ્ય જાણવું નહિ. એક બીજાનું માહાત્મ્ય સમજવાને કારણે એક બીજાનું ચિંતવન મનન થાય છે. અને તે સ્વપ્નમાં દેખાય છે. અંતે ધર્મ ભ્રષ્ટ

થઈ જવાય છે. તેથી દરેક શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છે એથી વિશેષ માહાત્મ્ય સમજવું જોઈએ નહિ.

સ્વામી વિવેકાનંદજી કહે છે કે, ‘‘ચારિત્ર્યથી બુદ્ધિ આવે છે. પણ બુદ્ધિથી ચારિત્ર્ય નથી આવતું. આ ચારિત્ર્યને જાળવવાનો સાચો માર્ગ નિષ્કામ વ્રત પાલન છે. ચારિત્ર્યમાં જો એક નાનો ડાઘ પડે તો પણ માણસની વર્ષોની સાધના કરીને પ્રાપ્ત કરેલી કીર્તિનો નાશ થઈ જાય છે. ચારિત્ર્ય વગરની કેવળ બુદ્ધિ, વ્યક્તિને અધોગતિમાં લઈ જાય છે. ચારિત્ર્યનો જો વિકાસ થાય તો વ્યક્તિની પ્રતિભાનો વિકાસ થાય છે. માટે નિષ્કામ વ્રત પાલન જરૂર કરવું. ધર્મ-જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પ્રાપ્તિ માટે ઉત્તરોત્તર તેમાં પ્રગતિ કરવી હોય તો નિષ્કામ વ્રત પાલન કર્યા સિવાય છુટકો જ નથી. જે નિષ્કામ વ્રત પાલન સિવાય શક્ય જ નથી.

આજના સમયમાં ઘરોઘર ટી.વી. ઉપરના દશ્યો જોવા ને સાંભળવાથી યુવાન સ્ત્રી-પુરુષોને પશ્ચિમનો સમાજ આજે અધોગતિ તરફ જઈ રહ્યો છે. આજે સમય નાજૂક આવી ગયો છે. ચોતરફ વાસનાનું સામ્રાજ્ય વધતું જાય છે. આજની નવી પેઢી ટીવીના દ્રશ્યો જોઈ સાંભળી અનુકરણ કરે છે. અને યુવાન સ્ત્રી-પુરુષો વિકારી દશ્ય અને વિકારી શબ્દોને સાંભળીને લાજ-મર્યાદા વટાવવા લાગ્યા છે. પહેરવેશ અમર્યાદિત વધવાથી અનેક પ્રકારના દુઃખો પ્રાપ્ત કરે છે. વડીલો સાથે બોલવાનો વિવેક દિવસે દિવસે નષ્ટ થતો જાય છે. વળી પશ્ચિમના દેશની કુસંસ્કારી સંસ્કૃતિનો પ્રવેશ થવાથી ન બનવાના બનાવો હવે બનવા લાગ્યા છે. માટે નિષ્કામ વ્રત પાલનની ખાસ જરૂર છે. કારણ કે આમ જો ન કરવામાં આવે તો નવી પેઢી માત્ર કામ અને અર્થ માર્ગમાં સપડાઈ જશે. અને ધર્મ તથા મોક્ષમાર્ગમાથી પડી જશે.

નિષ્કામી વર્તમાન શ્રીજી મહારાજને કેટલું વહાલું છે તે મહારાજ ગઢડા મધ્યના ૩૩ માં વચનામૃતમાં જણાવે છે. ‘‘જેને નિષ્કામી વર્તમાન દઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસેજ છીએ. અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્ચપ છે. ને તે જો અમારી પાસે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેનાજ હાથની કરેલી સેવા ગમે છે. કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોવામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ. ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશે કુરાજીપો થઈ જાય છે. અને અમારૂં મુખ પણ શ્યામળું થઈ જાય છે. અને તેનું દુઃખ તો અતિશય લાગે છે. માટે નિષ્કામી વર્તમાન રાખે તેજ અમને વહાલો છે. અને તેને ને અમારે આ લોક પરલોકમાં દઢ મેળાપ રહેશે.

વાસુદેવાનંદ બ્રહ્મચારી શ્વેત વસ્ત્ર ધારણ કરતા. રંગ બે રંગી વસ્ત્ર જુવે તો પણ ઉપવાસ કરતા. એક સમયે મેડી ઉપર બેસી ગ્રંથની રચના કરતા હતા. ને તેમની નજર બહાર બારીમાં ગઈ. એક મકાન પર તેમને રંગબેરંગી વસ્ત્રો પહેરેલ કાંઈક નજરે ચડ્યું. એજ ક્ષણે તેમણે દષ્ટિ પાછી ખેંચી લીધી. બપોરે સેવક ભોજન માટે બોલાવવા આવ્યા ત્યારે તેમણે કહ્યું, ‘‘આજે સ્ત્રીનું વસ્ત્ર દેખાઈ ગયું. એટલે હું ઉપવાસ કરીશ. સેવકે તપાસ કરાવી તો ત્યાં કોઈ સ્ત્રી નહોતી પરંતુ મોર બેઠો હતો. અને એ મોર હજુ ત્યાં જ બેઠો હતો. તે વાત જાણ્યા પછી પણ બ્રહ્મચારી મહારાજે ઉપવાસ કર્યો. તેમને થયું કે મારા મનમાં કાંઈક અંશે તો સ્ત્રીનું ચિંતવન થયું હતું ને ? રંગ બેરંગી વસ્તુ મોર છે કે સ્ત્રી એટલી વિકિત ન થઈ હોય તો પણ ઉપવાસ કરી પ્રાયશ્ચિત કર્યું. માટે નિષ્કામ વ્રત પાલન અવશ્ય કરવું.

●

### ભગવાનની દાઢનું માહાત્મ્ય

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

સ.ગુ. પ્રેમાનંદ સ્વામી રચિત પદોમાં મહારાજના અંગો અંગનું સુંદર વર્ણન કર્યું છે.

ભગવાનના એકે એક અંગનો મહિમા કેટલો કે જ્યાં આપણા મ્યુઝિયમમાં ભગવાનના પ્રસાદીના અંગો સચવાયેલા છે. જેમાં આચાર્ય મહારાજશ્રીની પરંપરામાં સચવાયેલ શ્રીહરિની દાઢનું દર્શન મ્યુઝિયમના હોલ નં. ૬ માં થાય છે. એ હોલમાં જતાંની સાથે હૃદયમાં શાંતિનો અનુભવ થાય છે. ભગવાનના એક અંગનો પ્રતાપ કેટલો તેતો વરાહ ભગવાનના દષ્ટાંત દ્વારા સમજાઈ જાય છે.

નંદ નામે એક રાજા થઈ ગયા. તેમને દ્રવ્યની એવી લાલચ લાગી કે પૈસો મારી પાસે રહેવો જોઈએ પ્રજા પાસે ન રહેવો જોઈએ. પૈસો તો રાજા પાસે જ હોય. પ્રજાને બે વખત જમવાનું મળે એટલે ઘણું થઈ ગયું. તેમણે પોતાના રાજ્યમાં જાતજાતના કરવેરા નાખ્યા. પ્રજા વેરા ભરી ભરીને ગરીબ બની ગઈ. પ્રજા પાસેથી આવેલું નાણું તેણે ગુપ્ત રીતે સમુદ્રમાં સંતાડ્યું. કોઈ મહાત્મા. નંદરાજાને ત્યાં આવ્યા હતા. તેમનું નંદરાજાએ ખૂબજ સુંદર સ્વાગત કર્યું તેનાથી પ્રસન્ન થઈને ઋષિએ વરાહ ભગવાનની દાઢ આપી હતી. એ દાઢના પ્રતાપે નંદ રાજા સમુદ્રમાં જઈ શકતો. સમુદ્રનાં પાણી તેને અડતાં નહિ. સમુદ્રમાં રસ્તો

તેને મળી જતો. પછી તો પ્રજાનું નાણું લૂંટીને સમુદ્રમાં ભેગું કરતો. દરિયામાં ખજાના બનાવ્યા હતા. રાજાને એક દિવસ વિચાર આવ્યો. પ્રજા પાસે હજુતો પૈસા તો હશે જ. તેણે પચાસ જેટલા ઊંટ ખરીદી તૈયાર કરી શણગાર કરી જાહેરમાં વેચવા કાઢ્યા. ઊંટની કિંમત ફક્ત એક પૈસો રાખ્યો. તેમાંથી એક ઊંટ વેચાયું બાકીના ૪૯ પાછા આવ્યા. તપાસ કરતાં ખબર પડી કે પૈસો કોઈની કબર ખોદીને મૃત શરીરના મોઢામાં મૂક્યો હશે ત્યાંથી મેળવ્યો છે. રાજાએ હુકમ કરાવ્યો રાજ્યની તમામ કબર ખોદી કઢાવો. પૈસા કાઢી લો. પ્રભુએ નારદને બોલાવી કહ્યું કે હે નારદ હવે હદ થાય છે. આને રોકો.

નારદજી નંદરાજાની ગેરહાજરીમાં મહેલમાં આવ્યા અને રાણીને મળ્યા અને કહ્યું તમને ખબર છે તમારા પહેલાં નંદ રાજાને એક રાણી હતી. તેનું મૃત્યુ થયા પછી તમારી સાથે લગ્ન કર્યા પણ તેના ઉપર પ્રેમ હતો તેવો પ્રેમ તમારી ઉપર નથી. જૂની રાણીનું અસ્થિ પવિત્ર પૂજા ઘરમાં રાખે છે. તમને મારી ઉપર વિશ્વાસ ન આવતો હોય તો જાતે જોઈ લો. નારદજી ચાલ્યા ગયા. રાણીએ પૂજાનો ડબો ખોલીને જોયું તો નાનું હાડકું જોઈ એ તો ગુસ્સે ભરાઈ ગઈ. ખરેખર તો તે વરાહ ભગવાનની દાઢ હતી. નારદજીની ચઢવણીથી એ પવિત્ર દાઢને જૂની રાણીનું હાડકું માનીને અગ્નિમાં નાખીને તેનો નાશ કરી નાખ્યો. નંદરાજાને ખબર નહોતી એ તો નિત્ય ક્રમ પ્રમાણે સોનાની ડબી સાથે રાખીને સમુદ્રમાં જવા નિકળ્યો. પરંતુ સમુદ્રે માર્ગ ન આપ્યો. પછી રાજાએ જોયું તો સોનાના પાત્રમાં દાઢ નહોતી. મહેલમાં આવી રાણીને પૂછ્યું તો ખ્યાલ આવ્યો કે, દાઢ સળગાવી દીધી છે. નંદરાજાને આઘાત લાગ્યો ને તરત જ મરણ પામ્યા. પુષ્કળ ધન સમુદ્રમાં રહ્યું. આથી જ નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

''ન રહ્યું નાણું રાજા નંદનું સર્વે સુપના વહેવારજી''

સારંગપુર પાસે બોટાદ ગામમાં સ્વામિનારાયણ ભગવાન એક બજાર વચ્ચેથી પસાર થતા હતા. સાથે થોડા સંતોને ભક્તો હતા. ત્યાં એક દૃશ્ય દેખાયું. કોઈ માણસ રસ્તા વચ્ચે બેસી છાબડાં લઈ રેતી અને કાંકરા જોખતો હતો. રેતીનું વજન કરીને કોઈ માણસ ત્યાંથી પસાર થાય તેને કહે કે લઈ જાઓ ખાંડ બહુ સારી છે. ખાંડ સસ્તી છે. એટલું બોલી જતાં આવતાંને સંબોધીને કહે સાકર બહુ સસ્તી આવી છે. તાજો માલ છે. આ જોઈ સ્વામિનારાયણ ભગવાને ત્યાંના ભક્તોને પૂછ્યું આ કોણ છે? ત્યારે ભક્તોએ જવાબ આપ્યો એ તો ગાંડો માણસ છે. વેપારમાં બહુ ખોટ ગઈ એટલે તેનું મગજ બધું છટકી ગયું છે. તે સવારથી દુકાન ખોલીને બેસે છે. આવી રીતે રેતીને કાંકરા જોખ્યા કરે છે. શહેરમાં બધા તેને ગાંડો કહે છે. ભગવાન બોલ્યા જે મનુષ્યો ભગવાનની ભક્તિ નથી કરતી એ બધા જ રેતીને કાંકરાના વેપારીઓ જ છે. અમારે મન એ બધા ગાંડા છે. આ જગતમાં જન્મીને જેણે આત્મ હિતનું ચિંતન નથી કર્યું તે મૂર્ખ છે. જેણે આત્મ હિતનું ચિંતન કર્યું તેજ ડાહ્યો ને બુદ્ધિશાળી છે. આત્મારૂપે રહેવું તેનું તો એ પ્રયોજન છે કે હું આત્મા છું મારે વિષે કોઈ જાતનું માયાનું આવરણ નથી. તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણમાં કોઈ રીતનો દોષ ન આવે તે સારું આત્મચિંતન કરવું.

●

### સંતનકી સોબત

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

''સાચા સંતથી સરિગયાં, કૈંક જીવોના કાજ,
એવાં સંતને સેવવા, અવસર આવિયો છે આજ.
જો મનાય તો મને માનજો, છે અતિ અર્થની વાત,
નિષ્કુળાનંદ નક્કી કહે, સુખ થવાની એ સાક્ષાત્.''

સાચા સંતની સોબતથી આપણામાં રહેલા કામ, ક્રોધાદિ દોષો તથા જન્મોજન્માંતરથી ઘર કરી ગયેલી અને ભવાટવીમાં ભમાવતી વાસના ટળે છે.

ખંભાતમાં શ્રીજી સમકાલિન સદાશિવભાઈ નામના ઉચ્ચ કોટિના હરિભક્ત થઈ ગયા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા તેમના ઉપર વરસી હતી. પૈસે ટકે સુખી સંપન્ન હતા. લોકમાં ધનાઢ્ય શેઠ તરીકેની તેમની ખ્યાતિ હતી. પોતાને રહેવા માટે તેઓ એક મોટી શાનદાર હવેલી તૈયાર કરાવતા હતા. આ હવેલી સારી રીતે તૈયાર થાય એટલા માટે તેમણે રાત દિવસ મહેનત કરી હતી. પૈસા સામું જોયું ન હતું. આખો દિવસ તેમનાં મનમાં હવેલી રમતી હતી. ઘણા સમય બાદ હવેલી તૈયાર થઈ એટલે તે હવેલીમાં સૌ પ્રથમ ભગવાન અને સંતોનો વાસ કરાવવા માટે તેઓ શ્રીજી સંકલ્પ મૂર્તિ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીને આમંત્રણ પાઠવવા માટે ગયા. સ્વામી આગળ હવેલીની તેમણે ખૂબજ પ્રશંસા કરી અને તેની અજાયબીની વાતો પણ કરી. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી શેઠની હવેલી પાછળની વાસનાને જાણી ગયા. તેમણે કહ્યું સદાશિવભાઈ હાલ તો આવી શકાય તેમ નથી. થોડા દિવસ તમો અહીંયા રહો. પછી આપણે સાથે જ

ખંભાત જઈશું. અને તમારી ઈચ્છા મુજબ આપણે હવેલીમાં મોટો સમૈયો કરીને ભગવાનને પધરાવીશું.

ગુરૂવર્યની આજ્ઞાને સદાશિવભાઈ નકારી ન શક્યા. તેમની પાસે જ રોકાઈ ગયા. સદ્ .શ્રી ગોપાળાનંદ સ્વામીએ સદાશિવભાઈને સાંખ્યના પાઠ ભણાવવા માંડ્યા. સમર્થ ગુરુદેવની અમૃતવાણી દ્વારા જ્ઞાનનો ઉજાસ નખશીખ વ્યાપી ગયો. અંતરમાં હવેલીના બદલે સર્વ સુખના દાતા શ્રીહરિ બિરાજમાન થઈ ગયા. એવા સમયમાં ખંભાત થી એક પત્ર આવ્યો કે શેઠની હવેલી બળી ગઈ છે. તે પત્ર લઈને સદ્ગુરૂવર્યે પોતાના આસન નીચે મૂકી દીધો. સદ્ગુરૂવર્યે કહ્યું. ભક્તરાજ ! તમારી હવેલી બળી જાય તો તમને કાંઈ ખરખરો થાય ? તેઓ હાથ જોડીને બોલ્યા હે કૃપાળુ ગુરૂદેવ ! મને ખરખરો ન થાય. કારણ કે તમારા યોગે કરીને સાંખ્યજ્ઞાને કરીને બધું ખોટું કરી નાખ્યું છે. ત્યારે સદ્ગુરુવર્યે આસન નીચેથી પત્ર કાઢીને આપ્યો. તે વાંચીને સદાશિવભાઈ નિર્લેપ ભાવે કૃતજ્ઞતા પૂર્વક બોલ્યા હે ગુરૂદેવ ! આપે જ્ઞાનાગ્નિમાં હવેલી બાળી નાખી છે. બાકી જો હું તમારી પાસે રોકાયો ન હોત અને હવેલી બળવાના સમાચાર જો મને મળત તો હું અત્યારે હવેલી સાથે બળી મરત, આપશ્રીએ મને અહીં રોકીને સમાગમનો લાભ આપી કૃતાર્થ કર્યો.

આમ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાથી સદાશિવભાઈ આબાદ રીતે ઉગરી ગયા. તેથી જ્યારે આવા મોટા સંત પુરુષનો જોગ થાય ત્યારે અવશ્ય પણે કરી લેવો જોઈએ. માટે જ કહ્યું છે કે,

"લાખો માં લાધે નહિ, અને કરોડોમાં હોય કોક,
એવા જો મળી જાય, તો કરી લેવો જોગ."

સાચા સંતોનો જોગ કરવાથી, તેમનાં દર્શન કરવાથી, તેમનો સ્પર્શ કરવાથી, તેમની સેવા કરવાથી આ જીવનું પરમ કલ્યાણ થાય છે. સર્વે સુખના ધામ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રગટ પ્રાપ્તિ થાય છે.

અનુ. પેજ નં. ૨૫ નું ચાલુ

જાગતા નહી રહીએ તો પરમાત્મા ક્યારે આવીને ચાલ્યા જશે એ ખબર નહીં પડે. માટે સાવધાન !! ભગવાનને ઓળખ્યા વિના જીવનમાં ઘણું બધું અધુરૂં રહી જશે.

●

### ભગવાન કાયમ રક્ષા કરે છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને નવ મહામંદિરો બંધાવ્યા તે તો જગ જાહેર વાત છે. તેમાં વિશ્વનું સૌ પ્રથમ મંદિર એટલે અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર. તેમાં શ્રીનરનારાયણદેવ પધરાવ્યા. ત્યારથી લઈને સૌથી છેલ્લું ગઢપુરમાં ગોપીનાથજીનું મંદિર બંધાવ્યું. મંદિરો બંધાવતી વખતે કેટકેટલા પરચા થતા. તથા કષ્ટ પણ સહેવા પડતા. અને મહારાજ કેવી રીતે પરચા આપી સહાય કરતા એનો એક સુંદર પ્રસંગ અહીં આપણે વાંચીએ.

એક દિવસની વાત છે. ગઢપુર ગોપીનાથજીના મંદિરનું કામ ચાલતું હતું. ત્યારે તેમાં એક મોટો પથ્થર દોરડે બાંધી ઉંચે ચડાવતા હતા. તે અડધે પહોંચ્યો ત્યારે દોરડાના મજબૂત બેસેરો તૂટી ગયા અને એક જ સેરૂ રહ્યું. બધા ઉભા થઈ રહ્યાં. જો ખેંચે તો તૂટી જાય અને જો પડે તો બધા દબાઈ જાય. ભાગીને જવાનો કોઈ રસ્તો નહોતો. ખેંચાય પણ નહિ. અને મૂકાય પણ નહિ. આવી પરિસ્થિતિ હતી. અને આ બધા જ સંતો ઉભા થઈ રહ્યાં. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા. મહાપુરુષો ! શું જોઈ રહ્યાં છો ? દોરડું ખેંચો. જો ભગવાનની મરજી હશે તો આ પથ્થર ઉંચો ચઢી જશે અને જો રાંઢવું તૂટશે તો દબાઈ મરશું તો તેડી જનાર આપણી બાજુમાં બેઠા છે. એમ કહીને રાંઢવું ખેંચ્યું તે પાણો ઉંચે ચડી જે ઠેકાણે બેસાડવો હતો એજ ખાંચામાં બરાબર બેસી ગયો. ત્યારે બધા જ સંતોને પ્રત્યક્ષ અનુભવ થયો જે આજે મહારાજે રક્ષા કરી.

પછી મહારાજ ઉભા થઈ અને બધા સંતોને ઠપકો આપવા લાગ્યા. આવા વગર વિચારે કામ કરો છો ? ક્યાંયને ક્યાંય દબાઈ મરશો. ભગવાન રક્ષા કરે. ભગવાન રક્ષા કરે તે કેટલે ઠેકાણે રક્ષા કરવા દોડીએ ? એમ કહીને પોતાનું આખું અંગરખું પલળી ગયેલુ તે બધાને બતાવ્યું જુવો ! આ પથ્થર ઉંચે લઈ જવા અમારે કેટલો દાખડો કરવો પડ્યો છે. અને એ પથ્થરને હાથ દઈને અમે જ ઠેકાણે બેસાડ્યો છે. માટે હવેથી વગર વિચાર્યું કોઈ કામ કરશો નહિ.

સજ્જનો ! ભગવાન તો સ્વતંત્ર અને સર્વત્ર છે. જેમ પ્રહલાદજીની રક્ષા કરી તેમ અત્યારે આપણી પણ રક્ષા કરવા સદાય તત્પર રહે છે. તેમ છતાં પણ જો વિચાર્યા વિના કોઈ કાર્ય કરીએ તો એમાં આપત્તિ આવી શકે છે. એ વાત આ પ્રસંગ ઉપરથી સ્વામિનારાયણ ભગવાન સ્વયં આપણને શિખવાડે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** રૂપસીભાઈ શેઠ શ્રીજી મહારાજને ચંદન ચર્ચી ચરણ છાતીમાં લઈ વિનંતી કરી કે આ મૂર્તિમાં અખંડ ચિત્ત રહે. શ્રીજીમહારાજે રાજી થઈ તેમને વર આપ્યો કે તમને મૂર્તિની વિસ્મૃતિ નહીં થાય. તે ભક્ત ક્યા ગામના હતા ?

**પ્ર. ૨** શ્રીમદ્ ભાગવતમાં ખગોળ ભૂગોળનું વર્ણન આવે છે તેમાં ''સાત દ્વિપો'' બતાવ્યા છે. તમારે તેના નામ આપવાના છે.

**પ્ર. ૩** ''નિતી પ્રવિણ નિગમાગમ શાસ્ત્રબુદ્ધે'' શ્રી હનુમાન સ્તોત્ર શ્રીમદ્ સત્સંગિજીવનના ક્યા પ્રકરણ અને કેટલામાં અધ્યાયમાં છે ?

**પ્ર. ૪** સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનો જન્મ કઈ તારીખે થયો હતો ?

**પ્ર. ૫** વસિષ્ઠ ઋષિએ રાજા દશરથને પુત્ર પ્રાપ્તિ માટે ક્યો યજ્ઞ કરવાની સલાહ આપી ?

**પ્ર. ૬** ભગવાન શ્રી સ્વામિનારાયણે કઈ તારીખે ગૃહત્યાગ કર્યો ?

**પ્ર. ૭** આ કીર્તનના રચયિતા કોણ છે તે જણાવો. ''પ્યારા મુજને લાગી તારી મોહની, રસિયાવર રે તારુ જોઈને રૂપ મુજને''.

## ઓક્ટોબર-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** વિ.સં. ૧૮૮૨. **(૨)** દુષ્કળ. **(૩)** ગ.પ્ર. ૭૮ નિર્માનાનંદ સ્વામી. **(૪)** મોડા ગામમાં. **(૫)** ૧૪૮ માં. **(૬)** માતા રેણુકા - પિતા જમદગ્નિ. **(૭)** આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૩ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૪ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૫ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૬ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૭ ગવૈયા પી.પી. સ્વામી (માણસા)
૮ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૯ પટેલ સંદિપભાઈ વલ્લભભાઈ (ઝુલાસણ)
૧૦ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૨ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૩ શ્રી નરનારાયણ બાલ મંડળ (કલોલ-પંચવટી)
૧૪ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૫ ખંધેડીયા ભાવના કમલેશકુમાર (મોરબી)
૧૬ સાંખ્યયોગી બહેનો, (શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી)
૧૭ શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી (સિધ્ધપુર)
૧૮ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૯ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૦ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૨૧ સાં. કંચનબા, ભગવતીબા, હિરાબા (ધ્રાંગધ્રા)
૨૨ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૩ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૨૪ સાધુ પ્રેમપ્રકાશદાસ ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર)
૨૫ હર્ષદભાઈ (સ્વા.મંદિર બાપુનગર)
૨૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૭ સ્વા. મંદિર બહેનોનું (વિરાટનગર)
૨૮ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૯ પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩૦ ઘર સભા બહેનો (લુણાવાડા)
૩૧ ડાભી મફાજી સરદારજી (ડાગંરવા)
૩૨ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૩ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૩૪ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩૫ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૩૬ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૭ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૮ વીણાબેન ભાવસાર (અમદાવાદ)
૩૯ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (અમદાવાદ)
૪૦ ગાંધી જ્યોત્સનાબેન એચ. (સુરેન્દ્રનગર)
૪૧ પ્રવિણભાઈ નરસીભાઈ કણજરીયા
૪૨. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૩. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૪૪. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૫. પટેલ શકરીબેન (વડુ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં દીપાવલીના ઉત્સવોની ભવ્ય ઉજવણી**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં અને સમગ્ર ધર્મકુળના સાનિધ્યમાં દીપોત્સવીના ઉત્સવો ભવ્યતાથી ઉજવાયા હતા.

**કાળી ચૌદશ :** શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં બિરાજમાન અને સર્વે ભક્તોનું, રક્ષણ કરતા શ્રીકષ્ટભંજનદેવનું આસો સુદ-૧૪ કાળી ચૌદશના પૂજન-આરતી સાંજે ૫-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયું હતું. આ પ્રસંગે પૂજારી પાર્ષદ બાબુ ભગત અને મહાદેવ ભગત દ્વારા સુંદર અન્નકૂટ ધરાવીને દર્શન કરાવ્યા હતા.

**દિવાળી :** આસો વદ અમાસને દિવાળીના શુભ દિને પ્રસાદીના ભવ્ય ઐતિહાસિક સભા મંડપમાં દર વર્ષની જેમ આ વરસે પણ સાંજે ૬-૦૦ થી ૮-૦૦ દરમ્યાન સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયું હતું. આજના કોમ્પ્યુટર યુગમાં પણ હજારો ધર્મપ્રેમી ભક્તોએ શારદા પૂજનમાં લાભ લઈ પોતાના ધંધા-વેપારમાં નીતિમત્તા શુધ્ધતા જળવાય અને શિક્ષાપત્રીમાં મહારાજે લખેલી આજ્ઞા પ્રમાણે વહેવાર કરવા શ્રીહરિને પ્રાર્થના સાથે પૂજા કરી હતી.

**નૂતન વર્ષ :** કારતક સુદ-૧ સં. ૨૦૭૦ નૂતનવર્ષના પ્રાતઃ ૫-૦૦ કલાકે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. સવારે ૬-૩૦ કલાકે શણગાર આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં મંદિરના ગોર શ્રી કમલેશભાઈએ આખા વર્ષનો વરતારો વાંચી સંભળાવ્યો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે છપ્પન ભોગ અન્નકૂટ આરતી થઈ હતી. હજારો હરિભક્તોએ આખો દિવસ દર્શનનો લાભ લઈ નૂતન વર્ષને મંગલમય બનાવ્યું હતું.

સમગ્ર પ્રસંગમાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, નટુ સ્વામી, રામ સ્વામી આદિ સંત પાર્ષદ મંડળે વિવિધ સેવા બજાવી હતી. ગામો ગામ અન્નકૂટના પ્રસાદ વિતરણમાં સંતોએ સુંદર સેવા બજાવી હતી. (શા.સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) બાલાસિનોર ખાત મુહૂર્ત**

બાલાસિનોરમાં શ્રીહરિ સમકાલિન મહાન સંત સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ (ભાઈઓનું) મંદિર નિર્માણ કરાવ્યુ હતું. તેની બાજુમાં બહેનો શ્રી સ્વામિનારાયણ મંદિર જીર્ણ થતા નૂતન મંદિર નિર્માણ માટે તા. ૮-૧૧-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ખાત વિધિ થઈ હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આ મંદિર નિર્માણના આયોજક સ.ગુ. મહંત પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂ. શા. પી.પી. સ્વામી (જેતલપુર)ના માર્ગ દર્શન મુજબ કાર્યનો શુભારંભ થયો હતો.

પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામીએ કહ્યું કે સર્વોપરીનું કામ સર્વોપરી જ હોય.

ખાત મુહૂર્તના યજમાન શ્રી ધીરજતલાલ ચુનીલાલ કાછીયા, સહયજમાન ગોવિંદભાઈ વાડીલાલ કાછીયા અને ટ્રસ્ટીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નૂતન વર્ષમાં સૌને કુટુંબમાં સંપ, સ્નેહ, સંસ્કાર અને પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવમાં ઉત્તરોત્તર નિષ્ઠા વધે તેવા રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી, બાલાસિનોર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર તૃતિય વાર્ષિક પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરનો તૃતિય વાર્ષિક પાટોત્સવ એવં શાકોત્સવ તા. ૨૧-૧૧-૨૦૧૩ ના રોજ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી અને દિવ્યતમ્ શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. હરિભક્તોએ પ્રસંગને માણી પ્રસાદ ગ્રહણ કરી મોક્ષ ભાગી બન્યા હતા. સમગ્ર આયોજન પૂ. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને પૂ. સ.ગુ. શા. નાના પી.પી. સ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ) અને સંત મંડળ દ્વારા થયુ હતું. જેમાં અ.નિ. પટેલ બકોરભાઈ ત્રિકમભાઈ અને અ.નિ. પટેલ આદરભાઈ મોતીભાઈના પરિવારોએ યજમાન બની મહા લાભ લીધો હતો. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા (અંજલી ચાર રસ્તા અમદાવાદ)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૬-૧૧-૧૩ ના પ.ભ. રાજેશકુમાર લલીતકુમાર ઠક્કરના ચિ. મેહુલના લગ્ન પ્રસંગે આશીર્વાદ પ્રસંગે પધાર્યા ત્યારે આપણા વાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. અને નિજ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. સત્સંગભૂષણ સ્વામી અને હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. છેલ્લે સમસ્ત

હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.ભ. અરવિંદભાઈ ઠક્કરે આભાર વિધિ કરી હતી. ત્યાંથી પ.ભ. શ્રી રાજુભાઈના ઘરે પધરામણી કરી સૌ ભક્તોને રાજી કર્યા હતા.

(અરવિંદભાઈ ઠક્કર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા ખાતે તા. ૧૩-૧૧-૧૩ ના રોજ દેવ ઉઠી એકાદશીના દિને ભવ્ય તુલસી વિવાહ સૌ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો. (કે.બી. પ્રજાપતી)

**થલતેજ વિસ્તારમાં નૂતન ઘર મંદિર**

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આપણા અનેક હરિભક્તો વસે છે. જેઓને નિત્યે દર્શનનું સુખ પ્રાપ્ત થાય તે માટે શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ.ગુ. શાસ્ત્રી પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)ની પ્રેરણા-માર્ગદર્શનથી પ.ભ. કાંતિભાઈ નારણભાઈ પટેલ (રામ)ના નિવાસ સ્થાન ૨, શાંગ્રિલા બંગ્લોઝ, હેબતપુર ચાર રસ્તા, શેલ પેટ્રોલ પંપ પાસે, ૧૦૦ ફૂટ રોડ, થલતેજ, અમદાવાદમાં તા. ૧૩-૧૧-૧૩ ના શુભદિને નૂતન ઘર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતી ઉતારીને અત્રે વિસ્તારના હરિભક્તો માટે દર્શનની સુગમતા માટે ઘર મંદિર ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસંગે સંતો-હરિભક્તો દ્વારા કથા વાર્તા કીર્તન ભક્તિ બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે હવે આપ સૌ નિત્યે ભગવાનના દર્શનનું સુખ લેજો. છેલ્લે સૌને પ્રસાદ આદિ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

(ધનવંતભાઈ પટેલ)

**"વાવોલ ગામના આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ"**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના તાબાના ગામ વાવોલ (તરપોજ)માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી તેમજ વડનગર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ તથા સાં.યો. પૂ. સુરજબા તથા સાં.યો. ઝવેરબા ના શુભાશીષથી તા. ૬-૧૧-૨૦૧૩ થી તા. ૧૦-૧૧-૨૦૧૩ સુધી ''મહિલા મંડળ વાવોલ'' તરફથી 'શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ' નું સર્વજીવ હિતાવહ અર્થે મંગલમય આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વકતાપદે કાંકરિયા મંદિરના નવયુવાન સંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજીએ વ્યાસાસને બિરાજી સંગીતમય કથામૃતનું રસપાન કરાવી શ્રોતાજનોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. આ પ્રસંગે ભવ્ય પોથીયાત્રા દ્વારા કથાપારાયણનો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે વડનગર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા કાંકરિયા મહંત સ્વામી ગુરૂપ્રસાદદાસજી તથા વડનગર મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પ્રેરક પ્રવચન કરી કથાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગને દિપાવવા તા. ૮-૧૧-૨૦૧૩ ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા તા. ૯-૧૧-૨૦૧૩ ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારી પૂ. સાં.યો. સુરજબા અને પૂ. સાં.યો. ઝવેરબાની તથા મહિલા મંડળની બહેનોની શ્રધ્ધા ભક્તિને બિરદાવી શુભાશિષ આપ્યા હતા.

તા. ૧૦-૧૧-૨૦૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રાના દર્શન કરી સંતો હરિભક્તો ધન્ય થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કથાની પૂર્ણાહુતિ પોતાના શુભ વરદ્ હસ્તે કરી હતી. વાવોલના નાના મોટા તમામ હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અને આરતી કરી શુભાશીર્વાદ પાપ્ત કર્યા હતા. અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી તથા શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ પ્રેરક પ્રવચન કર્યા હતા. સભા સંચાલન વિશ્વપ્રકાશદાસજી (વડનગર)એ દિપાવ્યું હતું. શ્રીનરનારાયણદેવ યુવક મંડળ વાવોલના યુવાનોએ સફળ સેવા કરી હતી. (શા.સ્વા. અભિષેકપ્રસાદદાસ, વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરામાં તુલસી વિવાહ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી અને અત્રેના મહંત સ્વામીના દાદા ગુરુની પ્રેરણાથી તેમજ શા.સ્વા. માધવપ્રસાદદાસજી અને મહંત શા.સ્વા. હરિૐ સ્વામીની પ્રેરણાથી કારતક સુદ-૧૫ દેવદિવાળીના અત્રે ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો.

જેમાં વરપક્ષના સેવાભાવી યજમાન પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ શકરાભાઈ પટેલ (ઉવારસદવાળા)ના ઘરેથી બપોરે ૩-૦૦ કલાકે ભગવાનનો વરઘોડો વાજતે ગાજતે ધામધૂમપૂર્વક નિકળ્યો હતો. જે ધૂન-ભજન કીર્તન કરતા નારણપુરા મંદિરે આવી પહોંચ્યો હતો. જેમાં ભગવાન તથા સંતો સુંદર બગીમાં બિરાજમાન થયા હતા. કન્યા પક્ષના યજમાનશ્રી જીતેનભાઈ વ્રજલાલ વઘાસીયા પરિવારે તથા કન્યાપક્ષના મામાશ્રી ભોળાભાઈ જોઈતારામ પટેલ (રાજપુર) વરપક્ષના યજમાન શ્રી ભોળીભાઈ જોઈતારામ પટેલ (ઈટાદરાવાળા) આદિ પરિવારે ભગવાનનું સામૈયુ કરી વધાવ્યા હતા. અલૌકિક વાતાવરણ છવાઈ ગયું હતું. સુંદર મજાની ચોરીમાં ભગવાનને પધરાવી લગ્નના દર્શન સૌએ માણ્યા હતા.

સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ સુંદર સ્વાગત સામૈયુ કર્યું હતું.

આ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં ધામોધામના પધારેલા સંતો પૈકી પૂ. સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી સ્વામી

અને વિવેક સ્વામી (નાથદ્વારા)એ અમૃતવાણીનો લાભ આપેલ. મહંત સ્વામીએ નારણપુરા મંદિર જીર્ણોધ્ધારની, સુવર્ણ સિંહાસન આદિ કામોની જાણ સભામાં કરી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની દ્રઢ નિષ્ઠા રાખવા ઉપર વાત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.ભ. ઘનશ્યામભાઈ, નટુભાઈ (ફુવા) (કરજીસણવાળા) આદિ હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

સભા સંચાલન સ્વામી પ્રેમસ્વરૂપદાસે સંભાળ્યુ હતું. રસોડા વિભાગમાં મુકુદ સ્વામી, દેવ સ્વામી અને મુક્તસ્વરૂપ સ્વામીએ સુંદર સેવા બજાવી હતી. (વિશાલ ભગત નારણપુરા)

**સોલા-ચાંદલોડિયામાં સત્સંગ સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ (સોલા-ચાંદલોડિયા વિસ્તાર) થી ગણેશ પાર્ક કોમ્પલેક્ષ વિભાગ-૧, ગોકુલ ડેરી પાસે, આર.સી. ટેકનિકલ રોડ, સોલામા દેવદિવાળીના પવિત્ર દિવસે ભવ્ય અન્નકૂટ દર્શન તથા સત્સંગ સભા રાખેલી. જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને અન્નકૂટ આરતી ઉતારી શ્રીનરનારાયણદેવનું માહાત્મય સમજાવી આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ નારણઘાટ મંદિરના મહંત શા. પી.પી. સ્વામી (નાના), ચૈતન્ય સ્વામી, માધવ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

ઉપરોક્ત સ્થળે દર રવિવાર તેમજ અગિયારસે કથાવાર્તા-સત્સંગ થાય છે તો નજીક રહેતા સૌ હરિભક્તોએ લાભ લેવો સંપર્ક: રમેશ પટેલ: ૯૫૮૬૪૨૨૬૦૧.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. લીંબડી)**
**મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૯-૧૧-૨૦૧૩ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રસંગે સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ નિજ મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા અને યજ્ઞની પૂર્ણાહુતિ વિધિવત રીતે સંપન્ન થઈ. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સભામાં વિરાજમાન થયા હતા. યજમાનશ્રીઓએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. અમદાવાદ અને મૂળી મંદિરના સંતોએ પ્રાસંગિક પ્રેરક પ્રવચન કરેલ. અત્રેના ક્ષત્રિય યુવાનોએ પ.પૂ. મહારાજશ્રી સમક્ષ વ્યસન ત્યજવાની પ્રતિજ્ઞા લીધી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આયોજન લીંબડીના મહંત સાધુ ભક્તવત્સલદાસે કર્યું હતું. સોની નરેન્દ્રભાઈ આદિ હરિભક્તો સેવામાં જોડાયા હતા.

(કોઠારી વંદનપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સાધુ ભક્તવત્સલદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી ખાતે દિવાળીના ઠાકોરજી સમક્ષ સુંદર અન્નકૂટ અને પ્રબોધિની એકાદશીના બહેનોના શ્રીજી મહિલા મંડળ દ્વારા તુલસી વિવાહ વિધિવત રીતે ઉજવાયો હતો. જેમાં બહેનોએ કીર્તન ભક્તિ કરીને તુલસી માતાના લગ્ન ધામધૂમથી ઉજવ્યા હતા. (શા. વંદનપ્રકાશદાસ)

**મોરબી ગામે કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મોરબી ગામે તા. ૮-૧૧-૧૩ થી ૧૨-૧૧-૧૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ નીતાબેન બચુભાઈ પરિવારના યજમાન પદે થઈ હતી. સાધુ ધર્મજીવનદાસ ગુરુ સ્વા. ભક્તિહરિદાસજીએ કથા કરી હતી. આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા મહિલા સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં સાં. કમળાબા (સુરેન્દ્રનગર)ના શિષ્ય સાં. કોકિલાબાએ સર્વોપરી નિષ્ઠા, આજ્ઞા સાથે શ્રીનરનારાયણદેવ ધર્મકુળ મહિમા કહ્યો હતો. અનેક બહેનોએ કથાનો લાભ લીધો હતો. (હિનાબેન વિઠ્ઠલાપરા)

## વિદેશ સત્સંગ સમાચાર

**કેનેડામાં શ્રી નરનારાયણદેવે પરચો પૂર્યો**

અમદાવાદના પ.ભ. દિનેશભાઈ ભગત જેઓ શ્રી નરનારાયણદેવના ચુસ્ત અનુયાયી છે. હમણા તેઓ કેનેડાના પ્રવાસે તેમના પુત્રને ત્યાં હતા. તેઓ અને તેમના પુત્ર રશેષ ભગત અમેરિકાના વિઝા અર્થે ઈન્ટરવ્યુ માટે ગયા હતા. અને તેમના પુત્ર સમય પસાર કરવા લાયબ્રેરીમાં ગયા ત્યારે અચાનક જ તેમનું જેકેટ ગુમ થયું. તેમના પિતાશ્રીને વાત કરી અને પોલીસ ફરિયાદ પણ કરી. દિનેશભાઈ ભગતે શ્રી નરનારાયણદેવની ધૂન કરવા સૂચવ્યું. શ્રી નરનારાયણદેવ ખૂબ દયાળુ છે. તારું જેકેટ મળી જ જશે. દેવ પ્રત્યેની શ્રધ્ધાનું પરિણામ પોલીસ દ્વારા ચોર પકડાયો અને તેમને તેમનું જેકેટ સુપ્રત કર્યું. આવો શ્રી નરનારાયણદેવે કેનેડામાં પરચો પૂર્યો. (રશેષ ડી. ભગત દ્વારા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ રાજીપાથી તથા પૂ. જે.પી. સ્વામી, પૂ. શા. સ્વામી વિશ્વવિહારીદાસજી અને પૂજારી શાંતિપ્રકાશદાસજીની પ્રેરણાથી અહીં મંદિરમાં ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે.

અત્રે દીપોત્સવીના ઉત્સવો પૈકી કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન-આરતી અને મારુતિયજ્ઞ વિધિવત રીતે સંપન્ન

થયો હતો. જેના યજમાન શ્રી રિતેષભાઈ અને અ.સૌ. બિંદુબેન પટેલ રહ્યાં હતા. સાંજે સુંદર કાંડ પાઠ સારી રીતે થયા હતા. જેના યજમાન નેનદાસ નારણભાઈ પટેલ (નાનુદાદા) પરિવાર રહ્યાં હતા.

નૂતન વર્ષના અલૌકિક શણગાર પૂજારી સ્વામીએ ભક્તોને કરાવીને સૌને નવા વર્ષમાં રાજી કરી દીધા હતા. બપોરે ૧૨ થી ૪ છપ્પન ભોગ અન્નકૂટ ભરાયો હતો. જેના દર્શન માટે સભા મંડપ નાનો લાગતો હતો. એટલી બધી ભીડ આજે દર્શનમાં જોવા મળી. અન્નકૂટના યજમાન પ.ભ. રિતેષભાઈ અને બિન્દીયાબેન પાટડીયા પરિવારે લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં પૂ. જે.પી. સ્વામી, શા. વિશ્વવિહારીદાસજી અને પૂજારી શાંતિ સ્વામીએ સર્વે હરિભક્તોને નૂતન વર્ષના મંગલ શુભાશિષ પાઠવ્યા હતા. પ.ભ. પ્રેસિડેન્ટ શ્રી જગદીશભાઈએ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સમસ્ત સભાને વંચાવ્યા હતા.

૧૬ નવેમ્બરના તુલસી વિવાહનું સુંદર આયોજન થયું હતું. જેમાં વરપક્ષના યજમાન શ્રીમતી આકાંક્ષાબેન અને શ્રી વિવેકભાઈ બ્રહ્મભટ્ટ તથા શ્રીમતી રૂપાબહેન અને શ્રી લવભાઈ દેસાઈ અને કન્યા પક્ષના યજમાન શ્રીમતિ નીશાબેન અને શ્રી મિતુલભાઈ રાવ તથા શ્રીમતી શીતલબેન અને શ્રી હેમલભાઈ રાવ આદિ પરિવારે અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. લગ્ન પ્રસંગની દરેક વિધિના ભગવાનના લગ્ન હરિભક્તોએ માણીને પ્રસાદ લઈ ખૂબજ આનંદિત થયા હતા. સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને સંતો હરિભક્તોના સુંદર પ્રયાશથી અહીંનો સત્સંગ ખૂબજ વિસ્તરતો જાય છે. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આટલાન્ટા (જ્યોર્જીયા)**

**દીપોત્સવી ઉત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આજ્ઞા-આશીર્વાદથી અત્રે આટલાન્ટા મંદિરમાં દીપોત્સવી ઉત્સવ ધામધૂમથી ઉજવાયા.

કાળી ચૌદશના મહંત સ્વામી સત્યસ્વરૂદાસે સુંદર કાંડ સંભળાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. દિવાળીના ઠાકોરજીને સુંદર વાઘા ધરાવીને દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ શારદાપૂજન ચોપડા પૂજન અને લેપટોપનું વિધિવત રીતે પૂજન કરવામાં આવ્યું હતું. નૂતન વર્ષના દિને નિજ મંદિર અને ઠાકોરજીના સિંહાસનને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોએ રંગબેરંગી રોશનીથી સુંદર શણગાર્યું હતું. નૂતન વર્ષના ઠાકોરજીને ૧૬૧ જાતની વિવિધ વ્યંજનો મીઠાઈઓ હરિભક્તોએ ઘરેથી બનાવીને આબેહૂબ ગોઠવણી કરીને ધરાવ્યા હતા. ત્યારબાદ સભામાં પ્રેસિ. શ્રી દક્ષેશભાઈ પટેલે પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદપત્ર વંચાવતા સૌ ભક્તો ખૂબજ ભાવવિભોર થયા હતા. હરિભક્તોએ આજે પરિવાર સહિત દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવતા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અહીં સત્સંગની પ્રવૃતિ ખૂબજ સારી થાય છે.

(પ્રેસિ. દક્ષેશભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.)**

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી કાળી ચૌદશ તા. ૨-૧૧-૧૩ ના રોજ શ્રીહનુમાનજીનું પૂજન-આરતી પ.ભ. હરિશભાઈ ગોવિંદભાઈ પટેલના યજમાનપદે થયા હતા. તા. ૩-૧૧-૧૩ દિવાળીના શારદા પૂજન-ચોપડા પૂજન વિધિવત રીતે થયુ હતું. જેમાં ઘણા ભાવિક હરિભક્તોએ લાભ લીધો હતો. નૂતન વર્ષના તા. ૪-૧૧-૧૩ ના ઠાકોરજીના દર્શન માટે સવારે ૬ થી સાંજના ૭-૦૦ સુધી હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. ૧૨-૦૦ થી ૪-૦૦ ભવ્ય અન્નકૂટ દર્શન કરાવ્યા હતા. પ.ભ. માવજીભાઈ ટાંક અન્નકૂટના મુખ્ય યજમાન રહ્યાં હતા. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર વંચાવવામાં આવેલ. પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફોન દ્વારા ભાઈઓને અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પણ ફોન દ્વારા બહેનોને નૂતન વર્ષના આશીર્વાદ પાઠવ્યા હતા. અત્રેના યુવક યુવતીઓએ મંદિરને સુંદર રોશનીથી સુંદર શણગાર્યું હતું. અને અન્નકૂટની વાનગીઓ પોતાના ઘરેથી સ્વચ્છતાપૂર્વક બનાવીને લાવ્યા હતા. યુવાનો દ્વારા ભજન કીર્તન આદિ થયા હતા. (કિરણ ભાવસાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન અમેરિકા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં નૂતન વર્ષના ભવ્ય અન્નકૂટ ધરાવી ઠાકોરજીના દર્શન કરાવ્યા હતા.

તા. ૧૪ નવે. થી ૧૬ નવે. સુધી તુલસી વિવાહનો ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં રાસ ગરબા, સત્કાર સમારંભ, મામેરૂ અને વરઘોડો આદિ પ્રસંગ ઉજવાયા હતા. આપણા સત્સંગી યુવક યુવતીઓની સેવા પ્રેરણારૂપ હતી. સંતોએ સૌને તુલસી વિવાહનું માહાત્મય સમજાવ્યું હતું. અત્રે ધર્મકુળની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (રમેશભાઈ પટેલ)

**આઈ.એસ.એસ.ઓ. પિયોરિયા ચેપ્ટર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આઈ.એસ.એસ.ઓ. પિયોરિયા ચેપ્ટર ખાતે દર રવિવારે સત્સંગ સભા થાય છે. ૧૩ ઓકટોબર રવિવારે સભામાં પ.પૂ. મહારાજશ્રીનો ૪૧ મો જન્મોત્સવ ધામધૂમથી મનાવ્યો હતો. આજે દિને આઈ.એસ.એસ.ઓ.નો સ્થાપના દિન પણ ઉજવ્યો હતો. અહીં દર રવિવારે ૬-૦૦ થી ૮-૦૦ દરમ્યાન નિયમિત સભા થાય છે. જેમાં બાળકો, યુવાનો અને વડીલો સભાનો લાભ લે છે. (રમેશ ટી. પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| આસો સુદ-૨ | પટેલ મધુબેન મણીલાલ (બુંદીના લાડુ) (હ. ધવલભાઈ, બળદેવ સ્વામી ગવૈયા) | અમદાવાદ |
| આસો સુદ-૨ | ધનજી સામજી વરસાણી (બુંદીના લાડુ) | સુખપર-કચ્છ |
| આસો સુદ-૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર રામપુરા, સુરત મહિલા મંડળ (મોહનથાળ) (હ. સાં.યો. હંસાબેન) | |
| આસો સુદ-૫ | શારદાબેન નારણદાસ ભાવસાર (મોહનથાળ) (હ. મુકેશભાઈ ભાવસાર) | મુંબઈ |
| આસો સુદ-૧૦ | ધનજી કેસરા હીરાણી (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| આસો સુદ-૧૨/૧૩ | ભાનુબેન ધીરજલાલ કાસોટીયા (ચુરમાના લાડુ) | સલાલા |
| આસો સુદ-૧૨/૧૩ | અ.નિ. નારણજી કાળુજી વાઘેલાના સ્મરણાર્થે (ચુરમાના લાડુ) (હ. પરમેશ્વર સ્વામી) | અમદાવાદ |
| આસો વદ-૧ | મનજીભાઈ શીવજીભાઈ હીરાણી | ભુજ |
| આસો વદ-૧ | નીતાબેન (મગસ) | ગાંધીનગર |
| આસો વદ-૨ | પટેલ કાન્તિભાઈ સોમાભાઈ (મગસ) (હ. કાનજીભાઈ) | ઊંઝા |
| આસો વદ-૨ | લખીબાઈ હરજી જીણા વાધાણી | સુખપર-કચ્છ |
| આસો વદ-૨ | દેસાઈ રાજેન્દ્રકુમાર લાલજીભાઈ (દુધપાક) (હ. રાજુભાઈ) | કોટેશ્વર |
| આસો વદ-૩ | પુરબાઈ શીવજી ગોરસીયા (મગસ) (હ. ઘનશ્યામભાઈ ચાવડા) | સુખપર-કચ્છ |
| આસો વદ-૩ | આનંદબા ઓનસિંહ વાઘેલા (ચુરમાના લાડુ) | પીપળજ |
| આસો વદ-૭ | અ.નિ. નાથાલાલ રામજીભાઈ ભંડેરી પરિવાર (જાદરીયુ) | માંડવી-કચ્છ |
| આસો વદ-૧૦ | દેવેન્દ્રભાઈ જયેશલાલ પંડ્યા (સાટા) | |
| આસો વદ-૧૨ | વિષ્ણુપ્રસાદ કરૂણાશંકર મહેતા (મોહનથાળ) | |

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

| | | |
|---|---|---|
| ૭૭૭/- | મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે | લેસ્ટર (યુ.કે.) |
| ૫૦૦/- | પરમાર જગદીશ બચુલાલ | ધૂળકોટ-નાઈરોબી |
| | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | |
| ૧૦૧/- | અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ | દહેગામ |
| | માસિક પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૧૦૧/- | પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | હઠીપુરા |
| ૧૦૧/- | શ્રી નરનારાયણ કિરાના સ્ટોર | મારૂસણા |
| | પ.પૂ. મહારાજશ્રીના ૪૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે | |
| ૧૦૧/- | પટેલ ઘનશ્યામભાઈ પ્રવિણભાઈ જન્મ દિને | મારૂસણા |
| ૧૦૧/- | પટેલ અનીતાબેન પ્રવિણભાઈ જન્મ દિને | મારૂસણા |
| ૨૫૧/- | ડૉ. રાજન ઘનશ્યામભાઈ મેરઈ પરમકૃપાળુ | અમદાવાદ |
| | શ્રી નરનારાયણદેવની કૃપાથી સ્વાસ્થય સારુ થયું તે નિમિત્તે | |
| ૧૦૧/- | રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | મિતલી |
| ૫૦૦/- | બારોટ નિખીલેશ રમેશભાઈ | દહેગામ- અમદાવાદ |
| | નવા ફલેટમાં મંગલ પ્રવેશ નિમિત્તે | |
| ૧૧૧/- | ભરવાડ નિલકંઠ વિક્રમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાણોતર |
| ૧૧૧/- | ભરવાડ ઘનશ્યામ સહદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાણોતર |
| ૧૫૧/- | ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાણોતર |
| ૧૦૧/- | પટેલ કાંતિલાલ ચંદુલાલ જન્મ દિને | અમદાવાદ |
| ૧૧૧/- | પટેલ કૈલાશબેન ભક્તિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | દેઉસણાવાળા |
| ૧૦૦/- | રાઠોડ રૂદ્રદત રણજીતસિંહ જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧/- | વાઘેલા વર્ષાબા ઈન્દ્રજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | બામણવા |
| ૫૦૧/- | સાપરીયા દિલીપ હરિલાલ ચિ. નૈતિકના જન્મ પ્રસંગે | સુરત |
| ૧૦૧/- | મીસ્ત્રી અરવિંદભાઈ ગોપાલદાસ | લિંબોદરા |
| | નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ રિધ્ધિબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૫૦૦/- | ત્રિવેદી ભગીરથભાઈ જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મેમનગર |
| ૫૫૧/- | શશીકાંત સારાભાઈ ૧૧ મી પુણ્ય તિથિ નિમિત્તે | નવાગામ |
| ૨૦૦/- | હરિભક્તો સમસ્ત શ્રી સ્વામિનારાયણ મંદિર વેડા અન્નકૂટ પ્રસંગે | |
| ૨૦૧/- | પટેલ કલ્પ ઘનશ્યામભાઈ જયંતીભાઈ | દેઉસણા |
| | બાબરી ઉતરાવી તે નિમિત્તે | |
| ૧૦૦/- | ભાવસાર નિલમબેન મયુરભાઈ | ઘાટલોડીયા |
| | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | |
| ૨૫૧/- | પંચાલ કનુભાઈ ગોકળદાસ | અમદાવાદ |
| | નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ જસ્મીન ગાંડાભાઈ | ગોવિંદપુરાવેડા |
| | નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે | |
| ૫૦૧/- | પટેલ વિસાભાઈ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે | ડાંગરવા (અમેરિકા) |
| ૫૦૧/- | પટેલ શારદાબેન વિસાભાઈ | ડાંગરવા (અમેરિકા) |
| | ચાતુર્માસ કર્યા તે નિમિત્તે | |
| ૫૦૧/- | પટેલ સૂર્યાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડાંગરવા (અમેરિકા) |
| ૫૦૧/- | પટેલ રસિલાબેન ઘનશ્યામભાઈ | ડાંગરવા (અમેરિકા) |
| | શ્રીજી પ્રસન્નાર્થે | |
| ૫૦૧/- | પટેલ મિતલબેન (ભાણી) લગ્ન નિમિત્તે | ડાંગરવા (અમેરિકા) |
| ૧૦૧/- | અ.નિ. પટેલ કોકીલાબેન બળદેવભાઈ ચતુરદાસના સ્મરણાર્થે | ડાંગરવા |
| ૧૫૧/- | પ્રજાપતિ ક્રિશ નરેશભાઈ જન્મ દિને | મોટેરા |
| ૧૦૦/- | એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૨૦૧/- | પટેલ પાલીબેન ભોળીદાસ પુણ્ય તિથિ નિમિત્તે | ડાંગરવા |
| ૧૦૧/- | પટેલ માર્લિન આશિષભાઈ શંકરભાઈ જન્મ દિને | અસલાલી |
| ૧૦૦/- | મીસ્ત્રી દર્શન હિંમતલાલ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૦/- | મોદી અમૃતલાલ મગનલાલ નૂતન વર્ષ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | અમીન કિરીટભાઈ રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | દહેગામ |
| ૫૦૦/- | અ.નિ. બિપીનભાઈ નારણભાઈ પટેલ | ઉનાવા |
| | ૯ મી પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૨૫૦/- | પ્રજાપતિ ભીખાભાઈ શીવાભાઈ | ચાંદખેડા |
| | જમીનના દસ્તાવેજ નિમિત્તે | |
| ૧૦૧/- | દેસાઈ ધર્મેશકુમાર અનિલકુમાર | અમદાવાદ |
| | સી.એસ.માં પાસ થયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | મોદી ગૌતમભાઈ પ્રહલાદદાસ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૨૦૦/- | પટેલ ચિરાગ શૈલેષકુમાર | ચાંદલોડીયા |
| | નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે | |
| ૧૦૦/- | શ્રી બાલાજી પંપ શ્રીજી પ્રસન્નાર્થે | હુબલી |
| ૨૦૦/- | અ.નિ. પટેલ કનૈયાલાલ દામોદરદાસ | મારૂસણા |
| | પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૧૦૧/- | વરૂ દિલીપ સુરેશભાઈ પુત્રીના જન્મ પ્રસંગે | જીરાગઢ |

૧૦૧/- ભાવસાર તીર્થ રૂપેશભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપ
૧૦૧/- કા. બિપીનકુમાર શાંતિલાલ પૌત્રના જન્મ દિને બાલાસિનોર
૧૦૧/- કા. ધૃતિ આકાશ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- સહજાનંદ કિરાણા સ્ટોર શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- દરજી મધુબેન સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ડાભી અજીતસિંહ દિલીપસિંહ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાળળા
૧૦૦/- પટેલ સ્મિત અનુપભાઈ પરસોતમભાઈ ચૌલ ક્રિયા નિમિત્તે ભાત
૧૦૧/- મોદી દીર્ઘ વિપુલભાઈ જન્મ દિને નવા નરોડા
૧૦૧/- પટેલ હીનાબેન પરીનકુમાર પગાર નિમિત્તે અમેરિકા
૧૦૧/- પટેલ કોમલબેન યોગેશકુમાર પગાર નિમિત્તે અમેરિકા
૧૦૦/- પટેલ રઈબેન નારણદાસ પુણ્ય તિથિ નિમિત્તે સોજા
૧૧૧/- મોદી ભારતીબેન રમણલાલ શ્રીજી પ્રસન્નાર્થે હિંમતનગર
૧૦૧/- પંચાલ મીતાબેન જી. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ચાવડા ખોડુભાઈ બી. નૂતન વર્ષ નિમિત્તે બળોલ ભાલ
૧૦૧/- પટેલ દિલીપભાઈ કનુભાઈ નવી ગાડી નિમિત્તે ચલોડા
૧૫૧/- પટેલ કરણ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ પરસોતમભાઈ મોહનભાઈ નૂતન વર્ષ નિમિત્તે મોખાસણ
૨૦૦/- જાદવ ભગવાનભાઈ જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૦૧/- પટેલ હેતવ હિતેનકુમાર જન્મ દિન નિમિત્તે ગાંધીનગર (કુડાસણ)
૧૦૧/- પટેલ આશિતા હિરેનકુમાર જન્મ દિને ગાંધીનગર
૧૦૧/- પટેલ નટવરભાઈ અંબાલાલ જન્મ દિને સાબરમતી
૨૫૦/- અમીન જસ્મિન જગદીશભાઈ જન્મ દિને દહેગામ
૨૦૦/- રાઠોડ જીતેન્દ્ર ચિમનલાલ અમદાવાદ
ચિ. વિશાલના સગપણ નિમિત્તે
૧૫૧/- પટેલ દક્ષેશભાઈ ચિમનભાઈ ભગાભાઈ ઉનાવા
ચિ. દેવાંશીના જન્મ નિમિત્તે
૧૦૧/- મોદી વિનોદકુમાર સાંકળચંદ ચાંદખેડા
ચિ. પૌત્રી દિયાના જન્મ દિને
૧૦૦/- સાપરીયા અશોકભાઈ રાઘવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ
૧૦૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ જન્મ દિને અમદાવાદ
૧૫૦/- પટેલ તક્ષ સેંધાભાઈ જન્મ દિને કુંડાળ
૧૦૧/- પરમાર શ્લોક પંકજકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- માંડલીયા ધ્રુવિતા પંકજકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- માંડલીયા ગીતાબેન પંકજકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- અ.નિ. ઠક્કર ગૌરાંગભાઈ રતીલાલના સ્મરણાર્થે સરખેજ
૧૦૦/- ભાવસાર ઘનશ્યામભાઈ અમૃતલાલ નવા વાડજ
નવી મોટર નિમિત્તે
૧૦૦/- સાપરીયા અલ્પેશભાઈ શામજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૦/- સાપરીયા કેતનભાઈ શામજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૦/- પટેલ રાજેન્દ્રભાઈ નાથાલાલ કાળીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- પટેલ ચેતનાબેન રાજેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- પટેલ કિંજલબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૧/- પટેલ ધવલ ઘનશ્યામભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે વડુવાળા
૧૦૧/- ટાંક ઉત્સવ ધનસુખભાઈ જન્મ દિને સુરત
૧૦૦/- સોલંકી ચંદુલાલ બાબુલાલ નૂતન વર્ષ નિમિત્તે કલોલ
૧૦૧/- પટેલ કૌમિલ ઘનશ્યામભાઈ નૂતન વર્ષ નિમિત્તે વાગોસણા
૧૦૧/- પટેલ નિધિ કમલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૫૨૦/- એક હરિભક્ત તરફથી અમદાવાદ
૧૦૧/- પટેલ નિસર્ગ વિરલભાઈ જન્મ દિને અસલાલી
૧૦૧/- પટેલ ભૂમિબેન પરાગભાઈ જન્મ દિને અસલાલી
૧૫૧/- પટેલ સ્નેહલ હિરેનભાઈ હાથપાળીયા
સરકારી નોકરી મળી તે નિમિત્તે
૧૦૦/- પઠાણ બાપુમીયા લતીફખાન સરખેજ
શ્રીજી મહારાજના રાજીપા અર્થે
૧૫૧/- પટેલ પંકજભાઈ ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૨૫૦/- પટેલ જીવણભાઈ ડાહ્યાભાઈ મારૂસણા

ચિ. પૌત્ર કુંજ મનીષભાઈના જન્મ દિને
૧૦૦/- ડૉ. ચિંતન પિયુષકુમાર જન્મ દિને ડાંગરવા
૧૦૧/- પટેલ જય વિજયભાઈ કાંતિલાલ બારૈયા ઉંઝા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૨૫૦/- પટેલ મહેન્દ્રભાઈ કેશવલાલ પૌત્રના જન્મ પ્રસંગે ગાંધીનગર
૫૦૦/- પટેલ આત્મારામ કાનદાસ અમથીબાના સ્મરણાર્થે ડાંગરવા
૧૫૦/- ગાંધી અનુપમ રતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ સચિનભાઈ ધર્મેશભાઈ પાસ થયા તે નિમિત્તે પ્રાંતીયા
૨૦૨/- શેલડીયા વિપુલ હિંમતભાઈ બાપુનગર
ચિ. મનસ્વી અને ધર્મના જન્મ દિને
૨૦૦/- પટેલ હેત શારદ લાલભાઈ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ નિરસીબેન હાર્દિકભાઈ જન્મ દિને ખુશાલી પ્રસંગે ચાંદખેડા
૧૧૧/- અ.નિ મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પટેલ વીણાબેન ઘનશ્યામભાઈ ઘનશ્યામભાઈના સ્મરણાર્થે
અમદાવાદ
૧૦૧/- કા. શૈલેષકુમાર જયંતીલાલ તેમના પુત્રને નોકરી નિમિત્તે સાઠંબા
૧૦૦/- પટેલ જીગ્નેશભાઈ રમેશભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે સાપાવાડા
૧૦૦/- કા. આકાશભાઈ બિપિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૦/- પટેલ જયશ્રીબેન રમેશભાઈ નવા મકાન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર પ્રફુલચંદ્ર પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૨૧/- વાઘેલા ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ દિવાનસિંહ ખોડા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૨૦૧/- પટેલ લલીતાબેન જસુભાઈના સ્મરણાર્થે અંબાપુર
૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ નૂતન વર્ષ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર દેવલ મહેશભાઈ જન્મદિને વડનગર
૩૦૧/- પટેલ ભીખાભાઈ કાળીદાસ સોજા-અમેરિકા
ચિ. રીટાબેન-સંગીતાબેનના જીયાણા નિમિત્તે
૧૫૧/- સોની હેતવી ખુશી વિમલભાઈ પ્રથમ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- અ.નિ. પટેલ મગનભાઈ તથા મણીભાઈ દેવકરણભાઈ સાયરા
શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ મણીભાઈ નવું બાઈક નિમિત્તે સાયરા
૧૦૦/- કાછીઆ વિમલકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૨૦૧/- મોરી દેવુભાઈ તથા જયાબેનના માતુશ્રીના સ્મરણાર્થે ડેડીયાસણ
૧૦૦/- કા. હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ ધીરૂભાઈ છગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૨૦૦/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા અસ્મિતાબા ધર્મેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા લાભુબા મેહુલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા પૃથ્વીરાજ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા ચેતનાબા પૃથ્વીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા યશપાલસિંહ મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- સાપરિયા જીતેન્દ્ર સુખાભાઈ પુત્રના જન્મ નિમિત્તે સુરત
૧૦૧/- રમલાવત હેતલીકુંવરબા અનિરૂદ્ધસિંહ ગાંધીનગર
જન્મ દિન નિમિત્તે
૧૦૦/- કા. આકાશ બિપીનચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- અ.સૌ. મોદી જીજ્ઞા ભાવિનકુમાર ભરતભાઈ માણસા
પહેલા પગાર નિમિત્તે
૧૦૦/- પટેલ ભરતભાઈ હીમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી
૧૦૧/- મોદી કાંતાબા શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ અનંતભાઈ જોઈતાભાઈ મોઢુકા
નવા મકાનમાં ગૃહ પ્રવેશ નિમિત્તે
૨૦૧/- પટેલ પરષોતમભાઈ પ્રભુભાઈ કડી
સચિનને નોકરી મળી તે નિમિત્તે
૧૫૦/- પટેલ રમેશભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- પટેલ ચંદ્રિકાબેન ગિરિશભાઈ લવારપુર
એકાદશી ઉજવી તે નિમિત્તે

| | | |
|---|---|---|
| ૧૦૦/- | પટેલ ગીતાબેન દિલીપકુમાર એકાદશી ઉજવી તે નિમિત્તે | લવારપુર |
| ૧૦૦/- | દરજી મનોજ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૦/- | ચૌધરી દશરથભાઈ શંકરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બદપુરા |
| ૧૦૧/- | પટેલ રોનક ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૧/- | પટેલ દર્શિકા ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૧/- | પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ખેરોલ |
| ૧૦૧/- | પટેલ વિરાજ મુક્તેજ ગર્વમેન્ટ સર્વિસ મળી તે નિમિત્તે | નરોડા |
| ૨૦૧/- | પટેલ ગણેશભાઈ મગનદાસ બારડોલી એલ.સી.ડી. નિમિત્તે | |
| ૧૦૧/- | રાઓલ જયવીરસિંહ બહાદુરસિંહ જન્મ દિને | સોઢી |
| ૫૦૧/- | બુટીયા શૌર્યરાજ નરેશભાઈ જન્મદિને | કાલિયાણા |
| ૧૧૧/- | મોદી પ્રહલાદભાઈ ડાહ્યાલાલ પાંચમી પુણ્યતિથિ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | જાનવડ |
| ૧૦૧/- | પટેલ પ્રેમીલાબેન પ્રવિણભાઈ પ્રવિણભાઈની પુણ્ય તિથિ નિમિત્તે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ શાંતાબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ નંદુબેન ડાહ્યાભાઈ કિશાબેનના જન્મદિને | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ મણીબેન શીવાભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | કુબડથલ |
| ૧૫૧/- | પરમાર પુનમભાઈ છોટાભાઈ નવા બોર નિમિત્તે | પોરડા (ભાટેરા) |
| ૧૦૧/- | મોરી હિતેશભાઈ એચ. પુત્ર માનવના જન્મ નિમિત્તે | મહેસાણા |
| ૧૦૦/- | ચૌધરી અમૃતભાઈ લવજીભાઈ અમદાવાદ અને જેતલપુર સંતોની હરિભક્તોની રસોઈ આપી તે નિમિત્તે | બાલવા |
| ૧૦૧/- | પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ચિલોડા |
| ૧૦૧/- | પટેલ અનિતાબેન ભરતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૨૦૨/- | અ.નિ. ભાવસાર તેજસકુમાર કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સાણંદ |
| ૧૦૧/- | પટેલ આરવકુમાર રિંકલકુમાર જન્મ નિમિત્તે | રનેલા |
| ૧૦૧/- | વાઘેલા નરેન્દ્રસિંહ પોપટસિંહ નવા વર્ષ નિમિત્તે | પીપળજ |
| ૧૦૧/- | ચૌહાણ વીજુબા લક્ષ્મણસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | વસઈ |
| ૧૦૧/- | પટેલ ધર્મવિજય બળદેવભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | વટવા ડેરીયા |
| ૨૦૧/- | પટેલ વિષ્ણુભાઈ ચીમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વટવા |
| ૧૧૦/- | પરમાર પ્રિતેશ કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે | બારડોલી |
| ૧૦૦/- | પટેલ મયુર નટવરલાલ નવું એકસીસ લાવ્યા તે નિમિત્તે | મોટપ |
| ૧૦૧/- | અ.નિ. પટેલ ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈના મોક્ષાર્થે | વાવોલ |
| ૧૦૧/- | પટેલ પેરિન ભાવેશકુમાર જન્મદિન નિમિત્તે | આનંદપુરા |
| ૧૦૧/- | વાઘેલા હેમુભા કરસનજી શ્રીજી પ્રસન્નાર્થે | |
| ૧૦૧/- | રાઠોડ ઋત્વીબેન રાકેશકુમારના જન્મ દિને | મુંબઈ |
| ૨૦૦/- | સોલંકી મિતેષ પ્રવિણભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | ઠાકોર લક્ષ્મણજી સોમાજી તેમના પિતાશ્રીના સ્મરણાર્થે | વેડા ગોવિંદપુરા |
| ૧૦૦/- | પટેલ કાશીબેન ગોરધનભાઈ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | વાગોસણા |
| ૧૦૦/- | ચૌધરી દિલીપકુમાર કાળાભાઈ પૃથ્વેશના જન્મદિન નિમિત્તે | મકાખાડ |
| ૧૧૧/- | કાં. ઘનશ્યામભાઈ મણીલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | લુણાવાડા |
| ૧૦૧/- | પટેલ જગદીશભાઈ અંબાલાલ દાર્જીલીંગ ટુર નિમિત્તે | મોટેરા |
| ૨૦૦/- | પટેલ કલ્યાણભાઈ નારણભાઈ કડી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ નિમિત્તે | |
| ૫૦૦/- | પટેલ અમિત જગજીવનભાઈ પુત્રના જન્મ પ્રસંગે | લીલાપુર |
| ૫૦૦/- | પટેલ જગજીવનભાઈ ઝવેરભાઈ તેમના માતુશ્રી અમૃતબેન ઝવેરભાઈની પુણ્યતિથિ નિમિત્તે | લીલાપુર |

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ :** પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળના ચુસ્ત નિષ્ઠાવાન હરિભક્ત (મૂળ ગામ વિહાર) પરમ ભગવદીય શ્રી કાંતિલાલભાઈ જોઈતારામભાઈ પટેલ (ધનશ્યામ કન્સ્ટ્રકશન કાું. વાળા) તા. ૩૧-૧૦-૨૦૧૩ના રોજ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે. તેઓ રોજે શ્રી નરનારાયણદેવના દર્શને આવતા. પગની બિમારીના કારણે ગાડીમાં બેસીને ધજાના દર્શન કરીને દર્શનનું સુખ મેળવતા. આવા દેવ, આચાર્ય અને સંતોના કૃપાપાત્ર હરિભક્તની શ્રી નરનારાયણદેવ દેશમાં મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજ તેમના નિજ આત્માને પોતાના ધામના ધામે સુખીયા રાખે તેવી શ્રીહરિને પ્રાર્થના.

**ઉનાવા (બાલવા) :** પ.ભ. લલીતાબેન જશુભાઈ પટેલ તા. ૧૭-૧૦-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડેડીયાસણ (તા. વિરમગામ) :** પ.ભ. ભીખાભાઈ દાનુભાઈ મોરીના ધર્મપત્ની સુભદ્રાબેન તા. ૮-૧૦-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વાવોલ (જી. ગાંધીનગર) :** પ.ભ. ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ તા. ૩-૧૧-૧૩ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વેડા ગોવિંદપુરા :** પ.ભ. લક્ષ્મણજી ઠાકોરના પિતાશ્રી પ.ભ. સોમાજી ઠાકોર તા. ૪-૧૧-૧૩ નૂતન વર્ષના દિને શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સાંકાપુર (તા. વિજાપુર) :** પ.ભ. રમેશભાઈ પટેલ (આપણા હ્યુસ્ટન મંદિર સેક્રેટરી) તથા શ્રી ભગવાનભાઈના માતુશ્રી પ.ભ. સાંકુબેન ત્રિભોવનદાસ પટેલ તા. ૩૧-૧૦-૨૦૧૩ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. છેલ્લી અવસ્થા હતી છતાં સાંકાપુરા મંદિરમાં સ્વં ઠાકોરજીને થાળ બનાવી જમાડતા અને વિજાપુરમાં મહામુક્ત વજુબાના ઘરમાં મંદિર માટે પણ તેઓ સૌને પ્રેરણા કરતા. તેમના અક્ષરવાસથી બહેનોના સત્સંગમાં મોટી ખોટ પડી છે.

**હવાના (અમેરિકા) :** પ.ભ. હરિશભાઈના પિતાશ્રી પ.ભ. રમેશચંદ્ર પરીખ (ઉ. ૮૪ વર્ષ) તા. ૬-૧૧-૨૦૧૩ રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કતરા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. જડીબેન સાંકળચંદ પટેલ (સુપર મારબલ વિહારવાળા) તા. ૨૮-૧૦-૨૦૧૩ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



૧. કોઠા મંદિરમાં  શોભાયાત્રામાં દર્શન આપતાં (સાથે અમદાવાદના પૂ. મહંત સ્વામી) અને મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સભામાં પ.પૂ મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથા કરતાં પૂ.પી.પી.સ્વામી. ૨. બાલાસિનોરમાં મંદિરની ખાતવિધિ કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.પી.પી.સ્વામી. ૩.વાસણા અમદાવાદ મંદિરમાં દર્શન આપતાં પ.પૂ આચાર્ય મહારાજશ્રી સાથે સંતો. ૪. મુબારકપુર મંદિરમાં તૃતિય પાટોત્સવ પ્રસંગે શાકોત્સવ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે દેવસ્વામી. ૫. કાંકરીયા મંદિર હનુમાનજી મહારાજના પાટોત્સવ પ્રસંગે દર્શન આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંત મંડળ. ૬.કારોલ (મૂળી દેશ)મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૭. છપૈયાધામ પ્રસાદીના સ્થાનોની પરિક્રમા કરતાં હરિભક્તો. ૮. કપડવંજ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.  ૯. કોટેશ્વર ગુરુકુળ ખાતે પ.પૂ.ગાદીવાળાશ્રીની નિશ્રામાં બહેનોની સત્સંગ શિબિર.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014

